# ઉત્સર્ગ

## નેક નામદાર દીવાન બહાદુર મણિભાઈ જશભાઈ

ગુજરાતના અગ્રણી રાજ્યનીતિજ્ઞ તથા સાક્ષર હોઇને સ્ત્રી શિક્ષણાર્થે આપ મહા પ્રયત્ન લો છો, માટે આ એક અલ્પ અજ્ઞાના: પરિશ્રમને પૂર્ણતા આપવા આપના નામની સંગતિનો લાભ લીધો છે. મહાન પુરૂષોની સંગતિથી ક્ષુદ્ર પણ મહત્વ પામે છે. માટે તે મહત્વ પામવા તેમજ ભારતની સતીઓમાંની અમર સીતાનું ઉદાહરણ મનમાં લઇ આપણી ગુજરાતની સ્ત્રીઓ તે સદ્ગુણોની પ્રતિમાનું પૂજન અહોનિશ તેને પગલે ચાલી કરે એવા પ્રયાસમાં આપ નિરંતર મચ્યા રહોછો માટે આ આપના ગુજરાતની અબળાનો પ્રથમ પ્રયત્ન આપને આપના ચિરંજીવીના લગ્નના માંગલિક પ્રસંગે અર્પણ કરવામાં આવેલો છે તે સ્વિકારશો.

લી. જે. ક.

૬૭૪

# સતિ સીતા.

પૂર્વે પરમ ધર્મી પ્રજાપ્રીય સતવાદી જીતેંદ્રીય પદ્દમાક્ષ નામે રાજા હતો. તેણે પરમ કષ્ટ અને નૈષ્ટીક ભકતી વડે વ્રત વૃતાદિક થી લક્ષ્મીની ઉપાસના કરી. થોડે દિવસે રાજાની આશ્ચર્યકારક શ્રધ્ધા જોઇ લક્ષ્મી પ્રસન થયાં ને વરદાન માગવા રાજાને કહ્યું. ત્યારે પદ્દમાક્ષ રાજાએ કહ્યું કે, તમો મારે ઘેર પુત્રી અવતરો. લક્ષ્મીજીએ કહ્યું. હે રાજા તારી અત્યંત આગ્રહી ભકતીથી હું તને વરદાન આપવા બંધાયેલી છું, પણ હું સ્વામીની સેવામાં છું માટે વિશ્નુંના હુકમ સિવાય કાંઈ પણ કરવા સમર્થ નથી. માટે વીશ્નુંની આજ્ઞા હોય તો હું માગેલા વરદાનથી વીમુખ થઇશ નહી. માટે તારે વીશ્નુની પ્રસન્નતા મેળવવી. પછી પદ્દમાક્ષ રાજાએ વિશ્નુનું તપ આદર્યું. કેટલોક સમય વિતતાં વિશ્નુ પ્રસન્ન થયા અને સમાધીસ્ત રાજાને ધ્યાનમાં કહ્યું કે, હે રાજા હું તારા તપોબળે પ્રસન થયો છું માટે મનવાંચ્છીત માગ્ય. રાજાએ ધ્યાનથી જાગૃત થઇ જોયું તો, સમક્ષ મોર મુગટ પીતાંબરધારી એવા ચતુરાયુધ મંડીત વૈકુંઠ પતીને જોઇ સાષ્ટાંગ દંડવત કર્યા, ને માગ્યું કે હે દેવાધીદેવ પરમાત્મા ફકત લક્ષ્મીજી મારે ત્યાં પૂત્રી થઇ અવતરે. જેથી મારા કુળનો જય જય થાય. પદ્દમાક્ષ રાજાનું આવું બોલવું સાંભળીને વીષ્નુએ તેજ વખતે “માતુલીંગ” નામે ફળ આપી રાજાને કહ્યું કે. આ ફળને સાચવીને એકાંન્ત સ્થળે રાખો કોઈને હાથ જવા દઇશ

નહી, તેમ પછાડતો નહી, અને પૂરા નવ માસ થયા સિવાય કોઇ-ના હાથનો સ્પર્શ થાય નહી તો એની મેળે નવ માસે ફાટશે, ને માંહેથી તારી ઇચ્છાનુંસાર પૂત્રી ઉત્પન થશે. એમ કહી વીષ્નું અદ્રશ્ય થયા.

હવે પદમાક્ષ રાજાને ઘેર આવી પેલા ફળને એકાન્ત સ્થળે મુકી તેના રક્ષણાર્થે ચોકી મૂકી. વિશ્નુના કહેવા પ્રમાણે પૂરા નવ માસ થયા કેડે એ ફળ ફાટયું, અને તેમાંથી એક સુંદર કન્યા ઉત્પન થઇ. તે જોઇ રાજા ઘણોજ ખુશી થયો. ને તે કન્યાનું નામ પદમાક્ષી એવું પાડયું. હવે તે કન્યા મોટી થઈ, એટલે રાજાએ તેને કન્યાદાન દેવાની ઇચ્છાએ સ્વયંવર રચ્યો. દેશ દેશના રાજા-ઓને તેડાવ્યા.

લગનને દીવસે રાજાઓ પોત પોતાના સાજ સહીત વસ્ત્રા લંકાર ધારણ કરીને આવ્યા, ને મુકરર કરેલા સ્થાનકે યોગ્યતા લાયક બેઠા. લગન અવસરે પદમાક્ષી સોળ શ્રંગાર સજી હાથમાં વરમાળ લઇ સ્વયંવર વીશે દાખલ થઇ. સાક્ષાત લક્ષ્મીનો અવતાર એવી જે સ્વરૂપ સૌંદર્યે પદમાક્ષી કન્યાનું મોહક સ્વરૂપ જોઇ મં-ડપમાં બીરાજેલા રાજા મોહીત થયા. ને સર્વે વિચારવા લાગ્યા કે, આ કન્યા કયા નશીબદારનું સદન શોભાવશે. પૂર્ણ ભાગ્યોદયથીજ આ કન્યાનો હસ્તમેળાપ થશે.

વૈકુંઠપતીની પટરાણી જે પદમાક્ષી કન્યા તેની નજરમાં મનુષ્ય એવાં જે અલ્પાયુશ પ્રાણીપર કેમ ઠરે. વીષ્નુ શિવાય એના હસ્તનો સ્પર્શ કોણ કરે.

પદમાક્ષી કોઇ રાજાને પસંદ કરતી નથી, અને એકજ ઠેકા

ણે ઉભી રહી છે. એવું જોઇ સર્વે રાજાઓએ ધાર્યું કે આ કન્યા કોઇને પરણે એમ લાગતું નથી માટે પદમાક્ષને મારી આ કન્યાનું હરણ કરીએ. પછી સવ રાજાએ મળી પદમાક્ષને માર્યો. પણ હવે કન્યાને ક્યા રાજાએ લેવી એનો વાંધો પડતાં સર્વે સામ સામાં લડી મુઆ અને પદમાક્ષ નગરનો પણ નાશ થયો. અને પદમાક્ષી એક અગ્નીકુંડમાં ગુપ્ત થઇ.

હવે આ વાતને કેટલોક કાળ વીત્યા બાદ કોઇ સમયને વીશે પદમાક્ષી સ્વઇચ્છાથી અગ્નીકુંડની બહાર નીકળી ઉભી. એવામાં દૈવયોગે લંકાનો રાજા રાવણ પુષ્પ વિમાનમાં બેશી આકાશ માર્ગે ગમન કરતો હતો તેણે સુર્યના જેવી કાંન્તીવાળી પદમાક્ષાને જોઇ રાવણ કામાંધ થયો ને નીચે ઉતર્યો. પણ એટલામાં પદમાક્ષી તે કુંડમાં અદ્રશ્ય થઈ. રાવણે કુંડમાં તપાશ કરતાં ચાર અમુલ્ય રત્ન હાથ લાગ્યાં તે લઇને ઘેર આવ્યો. ને એક પેટીમાં મુક્યાં કેટલેક દીવસે તેણે મંદોદરીને કહ્યું કે હે રાણી તારે સારૂ હું અમુલ્ય રત્ન લાવ્યોછું મંદોદરીએ કહ્યું કે તે મને બતાવો. તેથી રાવણે પેટી ઉઘાડી અંદર જોયું તો માંહે છ માસની કન્યા રમતી દીઠી રાવણ ઘણું આશ્ચર્ય પામ્યો. ત્યારે સતી મંદોદરીએ કહ્યું મહારાજ એ ક[illegible] પદમા છે અને એ જ્યાં ગઇ છે તેનું કુળ નિકંદન કરાવ્યું છે માટે તાકીદથી પેટી સુધાં અહીંથી વિદાય કરી આપણા રાજ્યની હદબહાર એને મોકલાવો. મંદોદરીનું વચન માની રાવણે રાક્ષસોને બોલાવી આજ્ઞા ક[illegible] કે આ પેટી કન્યા સહીત ગમે ત્યાં આપણી હદ બહાર દાટી આવો. દૈત્ય સેવકો આજ્ઞાને અનુસરી પેટી લીધી. તેવીજ [illegible] બોલી [illegible] હે, દશ[illegible] હમણાં હું જાઉં

છું, પણ પાછી એકવાર તારૂં નિકંદન કરવા આવીશ.

રાવણે ખીજવઈ તેનો ઘાત કરવા ધાર્યું, પણ મંદોદરી સતી એ વારી રાખી કહ્યું કે સ્વામી, સ્ત્રી અને બાળ એવી આ કન્યાની હત્યા કરશોમાં. એમ કહી હડો પાડયો.

પેટી લઈ રાક્ષસો સમુદ્ર ઉતરી મિથીલ દેશમાં મીથુલાપૂર નગરીની શીમમાં તે પેટી દાટી પાછા વળ્યા.

મીથીલા પૂરમાં ધર્મત્મા જનક રાજા રાજ્ય કરતો હતો. તેણે પોતાના નગરના એક પંડીતને જે ઠેકાણે રાક્ષસોએ પેટી દાટી હતી તે જમીન દાનમાં આપી. એ જમીન ચોમાસામાં ખેડતાં પેલી પેટી હળમાં ભરાઈ, બ્રાહ્મણે તે પેટી બહાર કાઢી વિચાર્યું કે, આ રાજાની થાપણ હશે એમ ધારી માથે મુકી જનકની સભામાં આણી કહ્યું કે, મહારાજ આ તમારી પેટી બક્ષીસ કરેલી જમીનમાંથી જડી છે. તે લ્યો. જનક રાજા બ્રાહ્મણની નીષ્ટા જોઈ ખુશી થયા, પેટી લીધી ને ઉઘાડી તો માંહે પાંચ વરસની કન્યા રમતી જોઈ. કન્યા રત્નને જોઈ અપુત્રવાન એવો જે જનક રાજા તે ઘણો પ્રસન્ન થયો. ને જાણે પોતાનેજ ઘેર કન્યાનો જન્મ થયો હોય, એમ ધારી ખૂબ ધર્મ દાન કર્યું. ને પેટી લાવનાર પંડીતને ન્યાલ કર્યો. જનકે સુનયના રાણીને આ પુત્રી સોંપી ને કહ્યું. ઇશ્વરે આપણું વાંઝીયાપણું દુર કર્યું. રાજા રાણીએ ઘણા હરખથી પુત્રીનું નામ પડાવવા કહ્યું. રાજગોરે શાસ્ત્રાર્થ વિચારી સિતા નામ પાડયું. વળી જનકની પૂત્રી માટે જાનકી, પૃથ્વીમાંથી જડી માટે ભૂમીજા, વીદેહ તનયા માટે વૈદેહી, એવાં નામ આપ્યાં.

હવે સીતા જેમ જેમ મોટી થતી ગઇ તેમ તેમ ખાના પા

નાદિકની સંભાળથી શરીરે પણ મજબુત થઇ. સુનયના માતાએ તેને વિદ્યાભ્યાસ પણ સારો કરાવ્યો હતો. તેમજ સંગીતમાં પણ હુંશીઆર કરી હતી. માતપીતાએ સારી કેળવણી આપવા ખૂબ ધ્યાન આપ્યું હતું. એના સદગૂણને રૂપમાં કાંઇ ખામીજ નહોતી આઠ વરસની ઉંમરમાં તો સીતા વિદ્યાકળામાં પ્રવીણ થઇ. સીતા પોતાની સરખી સરખી સાહેલીઓના ભેગી રમે. હશે બોલે અન્યાદિક બાળ ચેષ્ટા કરે.

એક સમયે ફરસુરામ રૂષી પોતાના શિષ્ય જનકને ત્યાં આવ્યા ગુરૂનું સારૂં સનમાન કરી પોતાને ઘેર રાખ્યા. એક દિવસે ફરસુરામ ભોજન કરવા બેઠેલા હતા. અને શીવનુ આપેલુ પ્રચંડ ધનુશ્ય (ત્રંબક) ચોકમાં મુકયું હતું. એવામાં સીતા ચોકમાં જયાં ત્રંબક હતું ત્યાં આવી. અને અતુલ્ય ભારે એવું ધનુષ્ય તેનો છેડો હાથમાં પકડીએ ચરણ વચે રાખી ઘોડો કરી રમવા લાગી, મૂનીની નજર ત્યાં જતાં આશ્ચર્ય પામી ધાર્યુ કે, આ ત્રંબકને ઉપાડવા ત્રીલોકમાં કોઇ સમર્થ નથી ને આ કન્યા લાકડીની પેઠે ફેરવે છે! જમ્યા પછી ફરસુરામ બહાર આવ્યા, તેમને જોઇ સીતા શરમાઇ નાશી ગઇ. પછી જનક પ્રત્યે રૂષીએ કહ્યું કે, હે રાજા આ તારી પુત્રી દેવતાઇ રૂપ છે. માટે આ ધનુષ્યની જે ચાંપ ચડાવે તેને કન્યા પરણાવજે, કારણ કે આ ધનુષ્ય ઉપાડવા ત્રીલોકમાં કોઇ શમર્થ નથી. તેમ છતાં થોડીવાર ઉપર એને લાકડીની માફક સીતા ફેરવતી હતી માટે એના જેવો સમર્થ વર ખોળી કાઢી તેને એ કન્યા આપવી યોગ્ય છે. વીગેરે કેટલુંક સમજાવી રાજા પાસે હા કહેવરાવી ફરસુરામ પોતે બદ્રીકાશ્રમને વીશે પધાર્યા. ને ધનુષ્ય ત્યાં જ રહેવા દીધું.

હવે સિતાની ઉમર નવ વરસની થઇ તેથી જનક રાજાએ વિચાર્યું કે.સીતાને પરણાવવા માટે સ્વયંવર રચીએ.

એમ ધારી સીતાના સ્વયંવર અર્થે શુભ મૂહુર્ત જોવરાવી દેશે દેશ કંકોત્રીઓ મોકલી. અને ધન ધાન્ય વસ્ત્ર અલંકારથી સ્વયંવર રચવાની સામગ્રી કરવા માંડી. સ્વયંવરનો દિવસ નજીક આવતાં ભરતખંડના તમામ રાજાઓ પોતાના હાથી ઘોડા અને સેન્ય સહીત બણી ઠણીને આવ્યા. મીથીલાપુરની આશ પાશ મુખમલ ને જરીઆનના તંબુઓ તાણ્યા. કરોડો માણુસનો મેળાવો થયાથી મીથીલાપુર મહાસાગરમાં બેટ માફક દેખાવા લાગ્યું.

અયોધ્યાના સુર્યવંશી દશરથ રાજાના પુત્ર રામ અને લક્ષ્મણ બંને ભાઇ વિશ્વામીત્ર મુનીના યજ્ઞની રક્ષા કરવા ગયેલા તે કામ સમાપ્ત થયા કેડે રૂષીઓએ પોતાને ત્યાં રાખ્યા હતા. ત્યાં સીતાના સ્વયંવરની ખબર રૂષીએ સાંભળી તેથી ત્રીકાળજ્ઞાની રૂષીએ જાણ્યું જે સિતા રામચંદ્રનેજ પરણશે, એમ ધારી રામ લક્ષ્મણને કહ્યું કે, જનક રાજા પોતાની પુત્રી સિતાનો સ્વયંવર કરે છે માટે આપણે પણ ત્યાં જઇએ. એટલામાં જનકનું આમંત્રણ લઇને એક બ્રાહ્મણ આવ્યો. તેથી રામ લક્ષ્મણ વિશ્વામીત્ર આદિ રૂષીઓ જનકપૂર જવા નીકળ્યા.

જનકપૂરની નજીક આવ્યા ત્યાં ( બાગ ) ઉપવનમાં મુકામ કર્યો. ત્યાં રસ્તાના પરાશ્રમથી શિથળ થઇ રૂષીઓ બેઠા. પછી રસોઈ કરી જમ્યા. ત્યાર કેડે રામ લક્ષ્મણે રૂષી પ્રત્યે કહ્યું. મહારાજ આપની આજ્ઞા હોયતો આ ઉપવનમાં ફરીએ વિશ્વામીત્રે રજા આપી કે સુખેથી ફરો. પણ આઘા જશોમાં.

હવે સીતા પોતે નિત્યના નિયમ મુજબ સોળ શ્રંગાર પહેરી હાથમાં પુજાના સાહીત્ય અગર પુષ્પ-ચંદન ઇત્યાદી લઇ ચાર સાહેલી સંગાથે અંબાજીની પુંજા કરવા પોતાના બાગમાં ચાલી. અને અંબાજીના દેવળમાં જઇને આદ્યશક્તીની ષોડષોપચારથી પુંજા કરી હીહસ્ત જોડી સ્તુતી કરી કે, હે જગત જનુની અંબીકા, ભક્તવત્સળ દેવી, મહીષાશુર મર્દની, તેં દેવ સરખાની મનકામના સફળ કરી છે તો હે માજી મને યોગ્ય ભરથાર આપી મારી મનકામના સફળ કરવા સમર્થ તુંજ છે. મંદિરમાંથી પાછી ફરે છે એવામાં રામ લક્ષ્મણ બંને ભાઇ હાથમાં ધનુષ્ય અને કમરમાં તલવાર ને ખભે ઢાલ એવા ક્ષત્રીય વેશ સજેલા જુવાન કુંવરોપર સીતાની નજર પડી. તેઓ આશોપાલવના ઝાડને અઢેલી ઉભા હતા.

તેજસ્વી તેમજ શુરવીર કુંવરોને જોઇ સીતાએ પોતાની સાથેની દાશીને પુછ્યું કે પેલા આપણી વાડીમાં ફરેછે તે કોણ. ને કયા ગામના છે. તે જાતે જઇ પુછી આવ દાશી કુંવરો પાસે જઇ પૂછવા લાગી કે, હે રાજપૂત્રો, તમે કોના કુંવર અને કયાંના રહીશછો, તે કહેવા કૃપા કરશો. રામે કહ્યું. અયોધ્યાના સુર્યવંશી દશરથ રાજાના પુત્ર છીએ. મારૂં નામ રામ ને આ લક્ષ્મણ છે. વીશ્વામીત્રની સાથે સ્વયંવરની સોભા જોવા આવ્યા છીએ. વધારે નહીં બોલતાં એટલું કહી ચુપ રહ્યા. દાશીએ આવી સીતાને જાહેર કર્યું ને કહ્યું કે એતો તમારા સ્વયંવરમાં આવ્યા છે. એટલે સીતાને રામની નજર એકત્ર થતાં એક એકના ઉપર મોહીત થયાં. રામે પોતાનો ધર્મ વીચારી આડી દ્રષ્ટ કરી. સીતાએ મનમાં નક્કી કર્યું કે વરૂં તો રામનેજ વરૂં. કદાચીત એમનાથી ત્ર્યંબક નહી ઉ

થકાય તોપણ રામનેજ વરીશ. મારા પીતા ના કહેશે તો આત્મ ઘાત કરીશ. પણ હે પરમાત્મા મારી લાજ રાખજે. એમ વીચાર કરતી ઘર તરફ આવી.

બંને કુંવર આ સુંદર પદ્મની મનોહર કાન્તી વાળી સદ્‌ગુણાભૂષણ અલંકૃત સીતાને જોઇ અંજાયા. લક્ષ્મણે પોતાના ભાઇને પૂછ્યું કે હે વડભ્રાતા. આ સ્વરૂપ સૌંદર્ય સ્ત્રી કોણ હશે. રામે સર્વ વૃતાંત કહ્યું. પછી બંને ભાઇ નિજ સ્થાનક આવી વિશ્વામિત્ર મુની પાસે બેઠા. વિશ્વામિત્રને કૌશીકાદિ મહર્ષીઓ આવ્યાની ખબર થતાંજ મીથુલપતી ભારે દબદબાથી ઉપવનમાં આવ્યા ને અર્ધ પાદ્ય પુજન કર્યું, ને કહ્યું, મહારાજ કૃપા કરી મારૂં નગ્ર પાવન કરો. તેથી રામ લક્ષ્મણ સહિત વિશ્વામીત્ર તૈયાર થયા. તે વખતે ગૌરશ્યામ એવા બે રામ લક્ષ્મણને જોઇને જનક રાજાની આંખ્ય ઠરી. ઋષીને કહ્યું મહારાજ આ કુંવરો કોના છે. કૌશીકે કહ્યું, અવધપતી દશરથના પુત્ર, સર્વ કળામાં પ્રવીણ એવા આ રામ ને લક્ષમણ છે. એવું સાંભળી જનક ખુશી થઇ મનમાં પસ્તાયા, કે સિતાના લાયક છતાં મારી પ્રતીજ્ઞાથી ન લાયક ઠરશે કે શુ ? પછી સૌ સમાજ શેહેર તરફ ચાલ્યો.

### રાગ સોરઠ.

રામ જનકપૂર આવીયા, વિશ્વામીત્રની સાથ;<br>
હેતે કરી તેડી જાય છે, મીથુલા નગરીનો નાથ, રામ જનકપૂર આવીયા.<br>
મુની મંડળમાં મહાલતા, ચાલતા એ ચતુર;<br>
શોભે જેમ સાધન વીશે, જ્ઞાન વીવેક પૂર. રામ.<br>
સુંદર પૂર શણગારીયું, શેરી ચૌટા ને પોળ;

મનોહર મંદિર શોભતાં; સામા સામી ઓળ. રામ.
ઝાંકે છે ઉંચી અટારીઓ, સપ્ત ભૂમીના માળ;
છજાં ઝરૂખાં રાવટી, ઓપે કીર મરાળ. રામ.
ધ્વજા પતાકા ફરફરે, જાણે તડીતા કાર;
શીખરે શીખંડી નાચતા, કંચન કલશ અપાર. રામ.
ઘર ઘર કેરે આંગણે, મંગળ ઉપચાર,
પૂરણ કુંભને સાથીઆં, મોતી તોરણ દ્વાર. રામ.
(એવો) રચના રઘુવર નીરખતાં, આવે નગરમોઝાર;
રૂપના ભૂપ અનુપ જોઈ, મોહ્યાં સહુ નરનાર. રામ.
એવી મોહનરૂપની મોહની, મોહી નગરની નાર;
જાણે પૂતળીઓ ચીત્રની, એમ થઇ તદાકાર. રામ.
કોઇ અળગા લેતી ઓવારણાં, કોઇ દેતી આશિશ;
નેત્ર ભરીને નીરખતી, કોઇ વીનવે ઇશ; રામ.
એ વર સીતા પરણજો. છે સરખી જોડ;
જો વીધી જોગ એ મેળવે, ત્યારે પહોંચે કોડ. રામ.
ત્યારે એક સખી સખીને કહે, સુણ બેની વચન,
આવા રૂપાળા રાજવી, હશે કોના તન. રામ.
ગોર સ્યામ ગુણવંત છે, કામરૂપ કીશોર;
ધનુષ્ય બાણ કર શોભતાં, નેત્ર ચપળ ચકોર. રામ.
સખી સ્યામ ઘણો સકુમાર છે, ચાલે લટકતી ચાલ;
એ વર સીતા જોગ છે, નીશ્ચે પરણશે કાલ. રામ.
ત્યારે બીજી કહે બાઈ સાંભળો, સીતા સુકૃતીવાન;
અણચીતવ્યો આવી મળ્યો. ગુણરૂપે સમાન. રામ.
ત્રીજી ત્રીયા બોલી તદા, શું જાણો તમો આજ;

જનકે તેડાવ્યા હશે, વરવાને કાજ. રામ.
ચોથી ચતુરા કહે સખી, ઘણું ધનુષ્ય કઠોર,
તેહને કેમ ચઢાવશે, સકુમાર કીશોર. રામ.
ત્યારે પાંચમી કહે પણ પાળશે, રાખો ધીરજ મન;
તેજસ્વી ગણીયે નહિ, લઘુ કોમળ તન. રામ.
એમ પંચે મળી પરમાણીઉં, નીશ્ચે વરશે રામ-
સુકૃત ફળશે સીતા તણું, પહોંચશે મન કામ. રામ.
એવી નગરની નારી વાતો કરે, ધરે નેહ અપાર;
સ્તુતી વીધી ઉમીયાની કરે, મનાવે ત્રીપુરાર. રામ.
સુકૃત કંઇ જે અમે કર્યાં, ધરીને આ શરીર;
તે પુન્યે કરી જાનકી, વરજો રઘુવીર. રામ.
એ રીતે રઘુનાથજી, આવ્યા રાજદ્વાર;
મીથુલેશે મુની પુજીઆ, કરી સેવા અપાર. રામ.
એક મંદીર સુંદર શોભતું, આપ્યું દઇને માન;
રામ સહીત મુની ઉતર્યા, કર્યાં ભોજન પાન. રામ.

---

હવે બીજે દિવસે વિશ્વામીત્ર રૂષીની સાથે બંને કુંવરો મંડપમાં આવી બેઠા. તે વખત સૌ સભા ઝાંખી પડી. ને વિચાર કર્યો કે નક્કી સીતા રામને વરશે એમાં શક નથી. ત્યારે તેમાંનો એક બોલ્યો કે અમે તો જોવા આવ્યા છીએ બીજો કહે કે મારે ને જનકરાયને વરવટ છે માટે આવ્યા છીએ. ત્રીજો કહે શું કરીએ કુળની લાજ પ્રમાણે આવવું પડ્યું. ચોથો કહે કે અમે તો જતા આવતા આવ્યા છીએ. એ પ્રકારે સૌ નીસોજ મુખે ઉલટા સુલટો બોલવા લાગ્યા.

હવે સીતા તે વખતે સોળ શ્રંગાર સજી હસ્તમાં વરમાળ લઈ મંડપમાં આવીને એક રત્ન જડીત સીંહાસન ઉપર બેઠા તે વખત સૌના હાથ હેઠા પડયા. સીતા કોઇના સામું જેતી નથી. પરંતુ રામની ચિત્તાકર્ષક છબીએ સીતાનું ધ્યાન તે તરફ ખેંચ્યું રામને જોતાં સિતાને ઉપવનમાં જેયાની વાત યાદદાસ્ત થઇ ને મોહ પામી મનમાં આક્રંદ કરવા લાગી પરંતુ શું કરે લાચારીથી નીચી દ્રષ્ટી કરી મનમાં અંબાજીની સ્તુતી કરવા લાગી કે. હે મહિષાસુર મર્દની જગદંબા જગત જનુની મહાકાળી ભક્તવત્સળ દેવ્યા. આ વખતે મારી લાજ રાખ. અને આ પ્રચંડ ધનુષ્ય રામથી ભંગાજે. જો સકુમાર રામથી એ કાર્મુક નહિ ભંગાય તો મારા પીતાના "પણ"ને આધીન નહી થતાં મારો પ્રાણુ ત્યાગ કરીશ. તે વખતે દશુંદી નામના ભાટે ઉઠીને સભા મધ્યે બે હાથ જોડી સૌને અરજ કરી ને કહ્યું કે, આ ધનુષ્ય જે ઉપાડશે તેનેજ સીતા વરમાળ આરોપશે આ વચન સાંભળતાંજ સૌ રાજાઓએ નીચું જોઈ મોય ખોતરવા માંડી એમ કરતાં બે ચાર ઘડી થઇ પણ કોઇ ધનુષ્ય ઉપાડવા ઉઠયું નહિ, તે વખતે રાજા જનકના પેટમાં ચરેરો પડયો ને મારી પુત્રી શું કુવારીજ રહેશે એમ વિચાર કરે છે. એટલામાં લંકાનો રાજા રાવણ પોતાને ત્યાં સીતાના સ્વયંવરનું આમંત્રણ આવેલું, તેથી ચાર સેવક સંગાથે ત્યાં આવ્યો. રાવણને જેઇ સર્વ રાજાઓ કંપીત થયા. ને જનક રાજા પણ ડર્યો. રાવણે કહ્યું બલ્યા જનક તેં શું "પણ" કર્યું છે તે કહે. જનકે ત્રંબક બતાવ્યું, રાવણ તંબક જોઈ હસ્યો અને. કહ્યું એના શા ભાર છે મેં કૈલાસ સરખો હલાવ્યો કહેતો ચંદ્રાચળ પર્વ

તને દડાની માફક ઉછાળું, પૃથ્વીને પાતાળમાં દાબી દઉં, તો એ ત્રંબકનું શું ગજું. પછી રાવણે સ્વસ્થ થઈ ત્રંબકની પાસે આવી બાથ મારી. અતુલ્ય બળથી ત્રંબકને ઉભું કર્યું, રાવણને ઘણો પરસ્વેદ છુટયો ને શ્વાસ ચઢયો.

આ જોઈ સીતા ગભરાઈ ને વીચાર્યું કે, હે પ્રભુ જો આ દુષ્ટ ત્રંબક ચઢાવશે તો મારી શી ગતી. હે શંકર પાર્વતી પતી મહાદેવ. આ ત્રંબકમાં ઘણોજ ભાર થાય અને આ દુષ્ટ દૈત્યથી ઊંચકાય નહી તોજ મારી લાજ રહે એમ કહી અશ્રુપાત કરવા લાગી.

રાવણ શ્વાસ ખાઈને ત્રંબક ચઢાવવાનો વિચાર કરવા લાગ્યો. જેવું ઊંચુ કરે છે તેવુંજ ત્રંબક લથડયું. રાવણ નહી ટોકાયાથી પડયો ને ત્રંબક પણ તેના ઉપર પડયું. રાવણે ઘણી વેદનાથી બૂમો પાડી જનકને કહયું. મને કાઢ, ત્વરાથી કાઢ, નહીતો કુંભકરણ તને મારશે, ને મારૂં વેર લેશે.

જનક રાજા બોલી ઉઠયો કે હે ક્ષત્રીઓ તમે નીચી દ્રષ્ટી કરી ભોંય ખોતરો છો, પણ કોઈ ત્રંબક ચઢાવવાની હામ ધાલતા નથી. શું ક્ષત્રીમાંથી શુરાતન ગયું છે? હા એમજ. કેમકે કેઈ ક્ષત્રાણીનો પુત્ર ઉભો થતો નથી. પરશુરામે ક્ષત્રીઓનું શુરાતન હરણ કરી લીધું. હવે સરવે બલહીણ નીસ્તેજ ને સુરાતન વીમુખ રહ્યા છો. ઈત્યાદિક કઠણ વચન સાંભળી શેષાવતાર લક્ષમણને ક્રોધ વાપ્યો, ને આંખો લોહી વર્ણી થઈ ગઈ. રોમાંચીત થઈ ક્રોધાવેશથી બોલ્યા હે જનક રાજા સુર્યવંશી અમો દશરથના પુત્ર બેઠા છતાં આવાં અઘટીત વચન બોલવાં તમારે યોગ્ય છે? નેત્ર શમસ્યાથી

રામે લક્ષમણજીને વાર્યા. પછી વિશ્વામીત્રના કહ્યાથી રામ ઉઠ્યા ને રૂપાંને નમસ્કાર કરી ત્રંબક પાસે આવ્યા.

સીતા મહાદેવની સ્તુતી કરતી ને કહેતી, હે ભોળાશંભુ આ વખત મને શાય થાઓ ને રામથી આ ત્રંબક ઉચકાય એવી કરણા કરો.

ચિકીત્સક રામે સીતાના વીચાર જાણ્યા ને મનમાં ધાર્યું કે, સીતાને પ્રેમ અગાધ છે પછી પોતે સાવધાન થઈ ત્રંબકનો એક છેડો અંગુઠા વડે જોરથી દાબ્યો એટલે ઝડપ ત્રંબક ઊંચુ થયું ને રાવણ ચડપ નીકળી ધુળ ખંખેરી નીરતેજ મુખે ચાલતો થયો. પછી રામે ધનુષ્યની પ્રત્યચા ખેંચી. ખેચતાં ધનુષ્ય ત્રાડયું, તેના ભયંકર શબ્દથી આકાશ ગાજ્યું. રામે બળ કરી ખેંચતાં ત્રંબકના ત્રણ કકડા થયા.

અતુલ્ય પરાક્રમ જોઇ વિશ્વામીત્ર, લક્ષમણ, જનક, અને સર્વે રાજાઓ ખુશી થયા. જેઓ અદેખા હતા તે ઉઠીને ચાલ્યા ગયા.

સિતાએ અથાગ હરખથી ઉભી થઈ રામચંદ્રને વરમાળ આરોપી પોતાનો અવતાર સફળ માન્યો.

મીથીલ પતીએ હવે લગ્નની તૈયારી કરી વિશ્વામીત્રાદિકના અનુમતથી રામચંદ્રના પીતા દશરથ રાજાને તેડવા ખાસ પોતાના પ્રધાનને મોકલ્યો. ને રામચંદ્રને સીતાએ વરમાળ આરોપી છે સૌ પરિવાર સહિત વહેલા પધારવાનું કહ્યું.

જનકના મંત્રીએ અયોધ્યામાં આવી કંકોતરી આપી સુભ સમાચાર વાંચી દશરથ, વસીષ્ટરૂષી આદી સૌ આનંદયા. હવે જાન લઇ મીથીલાપૂર જવાની ગોઠવણ કરી. ત્રણે રાણીઓ ભરત શ

ત્રુઘ્ન કુંવરો વસીષ્ટાદિ રૂષીઓ અને સર્વ સૈન્ય સહિત ઘણા હા-થી ઘોડા ઉંટના ભારે દમામ સાથે સામા આવી શહરમાં તેડી ગયા ને રાજ મહેલમાં ઉતારો આપ્યો.

જનકે વીચાર્યું કે સીતા તો રામનેજ વરસે પરંતુ મારા ભાઇની ત્રણ કન્યાઓ ઉર્મીલા, માલતી, શ્રુતકીરતી તે અનુક્રમે લક્ષ્મણ ભરત, શત્રુઘ્ન, સાથે પરણાવીએ તો ઠીક. રાણીને પણ આ વાત પસંદ પડી. તેથી દશરથ રાજાનો અનુમત લઇ ચાર કન્યાના ચાર કુંવર સાથે જોડે લગ્ન કરવાં મુકરર કર્યાં.

શુભ સમયે સીતાજીને રામચંદ્ર સાથે, ઉર્મીલાને લક્ષ્મણ સાથે, માલતીને ભરત સાથે, ને શ્રુતકીરતી ને શત્રુઘ્ન સાથે પરણાવવા લગ્ન મંડપ ચારેના જુદા રચ્યા. ચાર મંગળ વરતતાં જનકે પુષ્કળ દ્રવ્ય હાથી ઘોડા ને ગામ કન્યાદાનમાં આપ્યાં. સીતા ચોરામાં પરણતાં પોતાને ધન્યવાદ આપવા લાગી કે અંબાજીએ મારાથી રૂપ ગુણમાં સરસ, એવો વર આપ્યો.

લગ્ન પછી એક માશ સુધી સૌને મીથીલપતીએ પરોણા રાખ્યા. પછી રામચંદ્રના આગ્રહથી અયોધ્યે જવા સૌ તૈયાર થયા જનક રાજાએ સૌને મનમાનતી પહેરામણી આપી સંતોષ્યાં. ચારે ભાઇ હાથીઓ ઉપર બેઠા. સીતા આદી સ્ત્રી વર્ગને બેસવાને રથ હતા તેમાં બેઠાં. બીજા સર્વ જાનૈયા કોઇ ઘોડા ઉંટ સગ્રામ કે માફામાં બેસી ચાલ્યા. સીતાની સાથે હજાર દાશીઓ તથા કેટલાક દાશ પણ આવ્યા. ચતુરંગી સૈન્ય સાથે વાજતે ગાજતે નગ્રથી બહાર નીકળ્યા જનક રાજા આદી સૌ પરીવાર એક જોજન લગી વળાવવા આવ્યાં. પછી પાછાં વળતાં સીતાને તેની કેટલીક સખી

ઓ કહેવા લાગી કે બેન હવે તું સ્વસુર પક્ષમાં જાય છે માટે અ ગારૂં બોલ્યું ચાલ્યુ માફ કરી અસલ મુજબ હેત રાખજે ને નીતીથી વર્તી પતીની પ્રીતી સંપાદન કરજે. એવું સાંભળી સિતાની આંખમાં આંસુ આવ્યાં સખીઓનો પ્રેમ જોઇ તેની કોટે વળગી ને અશ્રુપાત કરતી બોલી. બેનો તમારો વીયોગ મને દુઃખદાયક છે, પણ હું હવે તમારા પુન્ય પ્રભાવે સુખી રહીશ.

એટલામાં સુનયના રાણી ત્યાં આવી સીતાને છાતી સરસી ચાંપી ચુંબન કરી રૂદન કરવા લાગી, ને બોલી કે બેટા, તું સદગુણી છુ, પણ હૂ તને શી શીખામણ દઉં. તું ઉભય કુળની પ્રતીષ્ઠા વધારજે ને સ્વામીની સેવામાં નિરંતર રહેજે; સ્વસુર પક્ષમાં કેમ વર્તવું, તે તું સારી રીતે સમજે છે. પણ હું બે બોલ સીખામણના કહું તે યાદ રાખજે.

## રાગ ધોળ.

સતી સીતા સાસરીએ સીધાવતાં, દેતાં માતા સીખામણ સાર;
કરી સુવીચાર. સીધાવોને સાસરે.
મારી સીતા તું શાણી થજે ઘણી, રાખી રદયામાં વીનય વીવેક;
નીતી તણો ટેક. સીધાવોને સાસરે.
સાસુ સસરાની મરજાદા માનજે, તું વધારજે કુળની લાજ;
કરી રૂડાં કાજ. સીધાવોને સાસરે.
ઉંચે સાદે વડસાસુ ના બોલીએ, હાંજી કહી વેણ વદવાં સદાય;
તો સૌ હરખાય. સીધાવોને સાસરે.
મોટા નામથી નણંદા વાપરી, સૌને બોલાવીએ ધરી વ્હાલ;
તજી મદ ખ્યાલ. સીધાવોને સાસરે.

કો શું વાદ વીવાદના કીજીએ, દુરીજન થકી ડરવું હમેશ;
તજી હઠ દેશ. સીધાવોને સાસરે.
નીચ સાહેલી સંગ ના કીજીએ, સ્વામી સેવામાં રે'વું તૈયાર;
હ્રદે ધરી પ્યાર. સીધાવોને સાસરે;
સ્વામીજી આદે સૌને જમાડીને, પછી જમવાની રાખવી રીત;
પરમ ધરી પ્રીત. સીધાવોને સાસરે.
પરમેશ્વરથી અધીક પતીને ગણી, પ્રતીદીન કરે પુજન પર્મ;
સતીનો એ ધર્મ. સીધાવોને સાસરે.
કામ ઘરનાં તે કરવાં કુશળતાથી, પડે વાંક તો બાનું રાંક;
રોશ ન ધરવી ટાંક. સીધાવોને સાસરે.
આજ્ઞા સ્વામીની પાળજો સ્નેહથી, શુભ મેળવી શંકરે જોડ;
નથી રતી ખોડ. સીધાવોને સાસરે.
રહે જેમ રાજી રઘુનાથજી, રૂડા રામ રસીક ઘનસ્યામ.
એવાં કરો કામ. સીધાવોને સાસરે.

---

વહાલી દીકરી વધારે તને શુ કહું તારી લઘુવય છતાં તું ચતુર ને સર્વજ્ઞ છે. એટલું બોલતાં માતાની આંખમાં આંસુની ધારા ચાલી. સીતા માતાને ધીરજ દઇ કહેવા લાગી માતાજી મારી કાંઇ ફીકર કરશો માં. તમારી આશીશથી હું સુખી થઇશ ને કોઇના અપરાધમાં નહીં આવુ એવી રીતે સદાચરણે વરતીશ. પછી જનક રાજાએ સીતાને કહયું પુત્રી તુ મારૂં કુળ દીપાવજે. એટલામાં સર્વે જાનૈયાની ઉતાવળથી રામચંદ્રે મીથુલપતી આદી સર્વેને કહયું. હવે સર્વે કૃપા કરી પાછા પધારો, હમોને વાર થાય છે તેમજ રસ્તો ઘણો લાંબો છે.

સૌ મળી કરી પાછાં વળ્યાં. રામ તમામ રસાલા સહીત આ મળ વધ્યા થોડાક દિવસમાં અયોધ્યાથી નજદીક આવી પહોંચ્યા. શહેરમાંથી પ્રધાન આદી ગ્રહસ્થોએ આવી સોનાના પુષ્પથી વધાવી શુભ મહુરતે શહેરમાં પેઠા. ને તમામ નગ્રને ચાર દિવસ સુધી ભોજન કરાવ્યું.

હવે સીતા સ્વસુર પક્ષમાં દિવસે દિવસે પોતાની ફરજો એવી રીતે બજાવવા લાગી કે, ઘરનાં સૌ માણસોને અતી પ્રીય લાગતી જાય. ને દરેક કામમાં તેઓ સિતાનેજ આગળ કરે. તે સિતા, એ વી ડહાપણ ને ચતુરાઇથી કરે કે સૌને તેનું કામ પસંદ કર્યા વીના ચાલે નહીં. સાસુ વીગેરે સાથે વખતે મંદ મંદ હશે પણ તે કોઈ સાં ભળી શકે નહીં, તેમજ વસ્ત્ર પણ એવી રીતે પહેરેકે શરીરનો કાંચીત ભાગ દેખાવા પામે નહીં, સાસુ સસરાનો બોલ અરધે શુકને માને, પોતાના પતીની સાથે અવર માણુસની મર્યાદા રાખી બોલે નહીં, સૌને યોગ્યતા મુજબ બોલાવે. સાસુ સસરા દીયેર જેઠ જેઠાણી ઇત્યાદી સગાં વહાલાંને યોગ્યતા પ્રમાણે સન્માન આપી મર્યાદાથી વરતે. સ્વામીની સેવામાં ચૂક કરે નહી, સીતાને સાસ- રીમાં ઘણા દિવસ થયા. એટલે સઘળી વાતમાં કેમ બોલવું, તથા કેમ વર્તવું, વીગેરે સર્વ જાતમાં પ્રવીણ થઇ. પ્રાતઃકાળમાં સર્વથી પહેલાં ઉઠી સ્નાન કરી સ્વામીને દેવાર્ચન સારૂં સર્વ સામગ્રી તૈયાર કરી આપે તેમજ શુદ્ધતાથી સ્વાદીષ્ટ રસોઇ કરે, સ્વામીને જમાડી પોતે જમે. સીતાનાં આવાં શુભ કૃત્યોથી શહેરમાં પણ સિતાની કિર્તી ફેલાઇ. નગ્રની કેટલીક અમીર ઉમરાવ ને સદગ્રહસ્થોની સ્ત્રી ઓ સીતાની ડહાપણની વાત અને હસમુખાં વેણુ સાંભળવાને જે

સવા સારૂ તેડવા આવતી. ત્યારે સાસુની આજ્ઞા લઇ થોડું ત્યાં બેશીને તેમને ખુશી કરતી, પણ ઘરનાં મનુષ્યની આજ્ઞા સિવાય કદિ બહાર ડગ દેતી નહિ. કોઇના સામું જોવું કે ઉભાં રહી વાત કરવી એતો તેને ટેવજ નહોતી. ઘરમાં સીતા વીના સૌને એકઘડી પણ ચાલે નહી. પૈસો ટકો વસ્ત્રાલંકાર વગેરેનો વહિવટ સીતાને હાથેજ થતો. ગામમાં સીતાના પતિવ્રતપણા પર લોકો ઘણા ખુશ થઇ તેને સતિ એ નામથી ઓળખાવતા. ઘરમાં પણ સૌ સતી કહીનેજ બોલાવતાં.

દશરથ રાજાએ પોતાના પુત્રનું પરાક્રમ અને વહુના સદગુણ ઉપર વિચાર કરી પોતાના સામંતો અને વશીષ્ટ ગુરૂને બોલાવી રામને પટાભીષેક કરવાનો વિચાર જણાવ્યો. તે વખતે સૌએ દશરથ રાજાની એ વાતને પુષ્ટી આપી ને ઘણી ખુશી બતાવી; તેથી ગુરૂ પાસે સુભ મુહુર્તે ચૈત્ર માશ ગુરૂવાર અને પુષ્ય યોગને શુકલ પક્ષ સાતમનું ઠરાવ્યું. આ વાત નગ્રમાં ચરચાતાં સર્વ લોક અતી ખુશી થયા. અને ખુશી થાય એમાં કાંઇ નવાઇ નહોતી. કારણકે રામનું પરાક્રમ, કળા કૌશલ્ય, સદગુણ, નીતી, વીવેક એ સ્તુતીપાત્ર હતા. આ વાત જનાન ખાનામાં જતાં દશરથ રાજાની ત્રણ માનીતી રાણીઓ પૈકી કેકૈ રાણી પણ પ્રથમતો ખુશી થઇ પરંતુ પાછળથી દૈવયોગે કળીયુગના પ્રભાવે કરીને અને મંથરા નામની દાશીના ભંભેરવાથી પોતાના છોકરા ભરતને ગાદી નહી મળવાની એમ ધારી આક્રંદ કરવા લાગી. દશરથ રાજા પ્રથમ કેકૈ સાથે બે વચનથી બંધાયલા હતા. અને કહ્યું હતું કે તારે ખપ વખતે માગી લેજે.

આ સમયે તે બે વચન રાજા પાસેથી કપટ કરીને લીધાં ને

માગ્યું કે મારા ભરતને રાજ આપો, ને રામ ચૌદ વરસ દંડકારણ્યમાં જાય. આ વાત સાંભળતાં દસરથ રાજા બેભાન થયા. કારણકે રામ ઉપર રાજાની વિશેષ પ્રીતી તેમજ સર્વ સારાસાર સમજનાર વીવેકીને સદ્‌ગુણી અને પાછું જંગલમાં જવાનુ કહ્યું તેથી રાજા મુર્છીત થયા થોડીવારે સુધીમાં આવતાં પોતાની બુદ્ધિને ધીકકારવા લાગ્યા ને ઘણા દિલગીર થયા. પણ શું કરે એક વચની રાજાનો બીજો ઉપાય નહોતો.

જે દિવસે રાજ્યાભિષેક થવાનો તેજ દિવસે આ વાત બની. રામચંદ્રજીને આ વાતની ખબર પડતાં તેમણે વીચાર્યું કે મારા પીતાથી મને વનમાં જવાનું કહેવાશે નહીં માટે પ્રથમ માતાની આજ્ઞા લઇ જતી વેળા પીતાની આજ્ઞા લેવી.

પછી પોતે તૈયાર થઇ કૌશલ્યા માતાને મંદીર પધાર્યા. કૌશલ્યાને વનમાં જવાની મુદલ ખબર નહોતી તેથી પોતે આનંદમાં બેઠાં છે. એટલે રામે આવી પ્રણામ કર્યા માતાએ આશીશ દઇ આશન ઉપર બેસવા કહ્યું તે વખતે રામચંદ્રજીએ નિસ્તેજ ચહેરે કહ્યું કે,

ગરબો.

બાળારે મારા છાનો તું રે વાલા. એ રાગ.

આસનની નથી માજી મારે જરૂર
આપો આજ્ઞા વન જાઉં થાય અસુર—આ.
માગ્યાં રાય પાસ કૈકૈએ વચંન, આપો મારા ભરતને રાજ્યાસન.
જાયે રામ ચૌદ વરસ તો વંન. આસનની. ૧
પીતા તણું પાળવું મારે વચન, એછે મારો મુખ્ય ધરમ પાવન.
વળી દુભાયે માત કૈકૈનું મન. આસનની. ૨

સં–રામ–રાવણ.

રામને વનમાં જવાનું સાંભળી કૌશલ્યાને મુર્છા થઇ ને બેશુધ થઇ જમીનપર ઢળી પડયાં, પછી રામની આસના વાસનાથી શુધીમાં આવી હૈયાફાટ રૂદન કરતાં બોલ્યાં.

રાગ ગોડી.

ત્યારે માતા કૌશલ્યા બોલીયાં, હો વા'લારે,
તુંને નહી જાવા દઉં વન, કુંવર કાલારે. ૧
ઘણી કોમળ છે તારી દેહડી, હો વા'લારે;
મારા લાડકવાયા તન, કુંવરજી કાલારે. ૨
તુંને ગુપ્ત રાખું મા'રી વાડીમાં, હો વાલારે;
બીજું અવર ન જાણે જેમ, કુંવરજી કાલારે. ૩
હું થી તુજ વિના રહેવાય નહીં, હો વાલારે;
મને મૂકીને જાશો કેમ, કુંવરજી કાલારે. ૪
પાયે કંકર કંટક ખુંચશે, હો વાલારે,
નહીં ચલાય વસમાં વાટ, કુંવરજી કાલારે. ૫
વેઠવી શિત તપને તૃષા, હો વાલારે;
કેમ ઓળંગશો ગીરી ઘાટ કુંવરજી કાલારે. ૬
વ્યાઘ્ર સિંહ વનમાં ઘણા, હો વાલારે;
સર્પ સુવરને રીંછ રક્ષ, કુંવરજી કાલારે. ૭
રજનીચર સાથે જુદ્ધ થશે, હો વાલારે;
કોણ કરશે તમારી પક્ષ, કુંવરજી કાલારે. ૮
વનમાં વનફળ કેમ પે'રશો, હો વાલારે,
તજી વસ્ત્ર આભૂશણ સાર, કુંવરજી કાલારે. ૯
અહીં જમતાં ભોજન ભાત ભાતનાં, હો વાલારે;

કેમ કરશો વનફળ આહાર, કુંવરજી કાલારે. ૧૦
તજી સજ્જા ભમર પલંગની, હો વાલારે;
કેમ પોઢશો પૃથ્વી માંહિ, કુંવરજી કાલારે. ૧૧
તા'રે બાળપણમાં વન કશું હો વાલારે;
મારું વચન માની રહો આંહિ કુંવરજી કાલારે. ૧૨
મારે કોઆ જનમનાં કરમ હશે, હો વાલારે;
તે આવીને નડિઆં આજ, કુંવરજી કાલારે. ૧૩
તે દૈવે રંગમાં ભંગ કર્યો, હો વાલારે;
દીધું વન તજીને રાજ, કુવરજી કાલારે. ૧૪
વાત સાંભળી વન જાવા તણી, હો વાલારે;
વે'રે કરવત કાળજા માંય, કુંવરજી કાલારે. ૧૫
દવ લાગ્યો મારા અંગમાં, હો વાલારે,
હવે નાશીને જઇએ કયાંય, કુંવરજી કાલારે. ૧૬
મારો પાપી પ્રાણ જતો નથી, હો વાલારે,
હશે કોણ કરમના ભોગ, કુંવરજી કાલારે. ૧૭
એમ કહીને રૂવે રૂદે ફાટતે, હો વાલારે;
કેમ સે'વાશે પુત્ર વિજોગ, કુંવરજી કાલારે. ૧૮
એવાં વચન સુણી બોલ્યા રામજી, હો માતારે;
તમે ધીરજ રાખો મન, સુણો સુખદાતારે. ૧૯
પાછો આવીશ થોડા દિવસમાં, હો માતારે;
આપો આગ્ના હું જાઉં વન, સુણો સુખદાતારે. ૨૦
મારે આગ્ના પીતાની પાળવી, હો માતારે;
રે'વું ચૌદ વરસ વનમાંય, સુણો સુખદાતારે. ૨૧

અવધ વિત્યા પછી નહિ રહું, હો માતારે;
વે'શો આશીશ નીજ પુરમાંય, સુણો સુખદાતારે. ૨૨
ન વચન કરૂ મીથ્યા તાતનું, હો માતારે;
જો પશ્ચિમ ઉગે સૂર, શુણો સુખદાતારે. ૨૩
આગ્ના ઓળંગે માબાપની, હો માતારે;
તે પાપી પુત્ર અસુર, સુણો સુખ દાતારે. ૨૪
જે માત પીતા ગુરૂ દેવનું, હો માતારે;
નવ પાળે આગ્ના વચન, શુણો સુખદાતારે ૨૫
તે પ્રાણી જીવતા મુવા જાણજો હો માતારે;
અજા કંઠે જેવા સ્તન, શુણો સુખદાતારે. ૨૬
તેનો મીથ્યા ધર્મ જાણજો, હો માતારે;
જેવું કપટી કેરૂં ધ્યાન, શુણો સુખદાતારે. ૨૭
જેમ અદાતાનું ઉંચુ મંદીર, હો માતારે;
જેમ લોભીયાનું તત્વ ગ્નાન, શુણો સુખદાતારે. ૨૮
એમ માનુસ્ય દેહ તેનો વૃથા, હો માતારે;
જેવો ઉદરમાં કૃમી જંત, સુણો સુખદાતારે. ૨૯
જેણે માત પિતાની આગ્ના પાળી, હો માતારે;
શુભ પુત્ર તે સુકૃત વંત, શુણો સુખદાતારે. ૩૦
તે માટે મેં રેહેવાય નહીં હો માતારે,
જાય તાતનું સત્ય વચન, સુણો સુખદાતારે, ૩૧
હવે આશિષ દઇ આગ્ના આપો, હો માતારે;
નિશ્ચે જાવું મારે વન, શુણો સુખદાતારે. ૩૨

રામચંદ્રના અત્યંત આગ્રહથી નિરૂપાય બની કૌશલ્યા માતાએ ઔષધી મણી રામને હાથે બાંધ્યો. અને ઇશ્વરની સ્તુતી કરી કે હે પરમાત્મા મારા પુત્રનું સદાકાળ વનમાં રક્ષણ કરજો. અને હે પૃથ્વીપર વસનારા દેવો તથા આકાશમાં ગમન કરનાર દેવો મારા પુત્રની રક્ષા કરજો એટલું બોલતાં કૌશલ્યાને ડુમો ચઢવાથી બોલાયું નહીં, ને રામ માતાજીને એવીજ સ્થીતિમાં નમન કરી ફરી મળવાનું કહી સીતાના ભુવનમાં પધાર્યા.

વિચીક્ષણ સિતાએ સ્વામીને પોતાના મંદીરમાં આવતાં નમન કરી પલંગ પર બેસાડયા. ઉદાશી મુખ ને કમળ નેત્રનું આરક્ત પણું જોઈ પરીક્ષા કરી કે આજ પટાભિષેક થવાનો છે પરંતુ બીજ ફિકર યા કોઇપણ સંકટથી સ્વામીનું મુખારવિંદ નિસ્તેજ છે પછી સીતાએ સદરહુ કારણ પૂછવાથી રામે બનેલી હકિકત જાહેર કરી

આ વાત સીતાને કાને પડતાંજ સિતાએ પણ સાથે આવવાની મરજી બતાવી પણ રામચંદ્રજીએ ના કહી તે નીચે મુજબ.

---

## ધોળ.

રામ લક્ષ્મણ વનમાં સીધાવતાં સતી સીતાને આવતાં સાથ;
કહે રઘુનાથ                    પધારો પિયર ભણી.
નહિતો અહિં રહો સસરાના રાજ્યમાં, હેતે હળી મળી સાસુ
સંગાથ; નહિ તો જોડી હાથ,    પધારો પિયર ભણી. ૧
અમે વસ્તીમાં નહિ વસીયે વિનતા, અમે કરસું જઇ વનવાસ;
તમે પામો ત્રાસ.              પધારો પિયર ભણી. ૨

સાથે રથ કે ઘોડું નહિ રાખીએ, નહિ રાખીએ દાસીકે દાસ.
કોઈ અમ પાસ. પધારો પિયર ભણી. ૩
તમે કોશનો પંથ કીધો નથી, ચરણે ચાલવાથી પામો થાક;
ભાટી ખેંચો નાક. પધારો પિયર ભણી. ૪
અમે વનફળ ખાઈ ખુશીમાં રહીશું, કોઇ દીવસે તો કેવળ શાક;
વીના લૂણ પાક, પધારો પિયર ભણી. ૫
વનમાં નથી મંદીર નથી માળીઆં, નથી પહોડવા કાજ પલંગ;
રંગીત નવરંગ. પધારો પિયર ભણી. ૬
કરશું ઘાસ કે પાનની ઝુંપડી, સૂતા સાથરો તે ખુચે અંગ;
એમાં શો ઉમંગ. પધારો પિયર ભણી. ૭
વનમાં હીરનાં ચીર નહિ મળે, વનમાં નહિ મળે ફરતાં ફુલેલ
કે તેલ ધુપેલ. પધારો પિયર ભણી. ૮
વનમાં નહિ મળે શાણી સાહેલીઓ, કરસો કે સંગે ખાંત્યથી
ખેલ ઉમંગ ભરેલ. પધારો પિયર ભણી. ૯
ઉષ્ણકાળે વાશે ઉના વાયરા, એવું દેખીને થાશો ઉદાશ;
જ્યારે જેઠ માસ. પધારો પીયર ભણી. ૧૦
વરસે મેઘ તે ઝબકશે વીજળી, તેવે ટાણે તરૂ તળે વાસ;
નહિ છત્ર પાસ. પધારો પિયર ભણી. ૧૧
વનમાં ઘાતકી રહેછે રાક્ષસ ઘણા, ચારે તરફ ફરે બહુ ચોર;
જેનું ઘણું જોર. પધારો પિયર ભણી. ૧૨
વનમાં વાઘ વરૂને વાંદર જેવાં. ઘણાં વિચરે જનાવર ઘોર;
બચે નહિ ઢોર. પધારો પિયર ભણી. ૧૩
મોટા પરવત દેખીને માનની, તમે નજરે જોયા નહિ જાય;

દીઠું ખાવા ધાય. પધારો પિયર ભણી. ૧૪
તમે રાજ કન્યા કાયા કોમળી, વનવાસનાં દુઃખ ન વેઠાય;
કાયા કરમાય. પધારો પિયર ભણી. ૧૫
ઘરમાં અંધારૂ દેખી ડરો ઘણાં, નથી નીસર્યાં કદી ઘરબાર;
છો નાજુક નાર. પધારો પિયર ભણી. ૧૬
તમે છોટી ઉમર વર્ષ સોળનાં, નથી સંકટ વેઠયાં લગાર;
તમે કોઇ વાર. પધારો પિયર ભણી. ૧૭
પરણી આવીને પિયર ગયાં નથી, તમને મળવાને ઇચ્છેછે માય;
ચોંપે ચીત ચાય પધારો પિયર ભણી. ૧૮
રાજા જનકજી તમને જંખે ઘણા, તેનો સંદેશો આવે સદાય;
તેડાં પાછાં જાય. પધારો પિયર ભણી. ૧૯
ભાત ભાતનાં ભોજન ભાવતાં, તમને મોકલશે મહિપાળ;
પૂરાવીને થાળ. પધારો પિયર ભણી. ૨૦
અમે અવધે ફરી જ્યારે આવશું લેશું સ્નેહે તમારી સંભાળ;
ત્યારે તતકાળ. પધારો પિયર ભણી. ૨૧
રૂડી મીથુલાપૂરી મન માનતી, તેમાં પામશો પરમવિરામ;
છે બાપનું ગામ. પધારો પિયર ભણી. ૨૨
ગોરી તમને ગમે તેમ હું કરૂં, એમ દલપતરામનો શ્યામ;
કહે "રાજા"રામ. પધારો પિયર ભણી. ૨૩

સીતા— રાગ ધોળ.

સતી સીતા વદે સુણો સ્વામીજી મુકી ચાલો મુને વનવાસ;
હૈયે પડે ત્રાસ. પ્રીતમ રાખો પાસમાં. ૧
સીતા વચને પ્રીતમ વન પરવરો, વનવાસનો પેરીએ વેશ;

આવ્યા પરદેશ. પ્રીતમ રાખો પાશમાં. ૨
સ્વામી દાસી તમારી હું રાંકડું, મુને જંગલ જોયાના કોડ;
જીવન તમ જોડ પ્રીતમ રાખો પાશમાં. ૩
સ્વામી મુજને મૂકો કોને આશરે, હુંથી ઘડીયે ના ઘરમાં રહેવાય;
વિના રઘુરાય. પ્રીતમ રાખો પાશમાં. ૪
સ્વામી હું સુખ દુખની વારતા, કોની આગળ જૈને કહીશ;
મુંઝાઇ મરીશ, પ્રીતમ રાખો પાશમાં. ૫
સ્વામીના સુખ દુખની વિભાગી હું. ઘેર બેશીને ભોગવું સુખ;
વેઠો તમે દુઃખ. પ્રીતમ રાખો પાશમાં. ૬
દુઃખ ખમશો જો આપ કોમળ છતાં, કહો કયમ મુજથી ના ખમાય;
માટે રઘુરાય. પ્રીતમ રાખો પાશમાં. ૭
સુખ હોય પિયરમાં સોગણું, પણ સ્ત્રી સોભે સ્વામી સંગાથ;
તેથી દીનાનાથ. પ્રીતમ રાખો પાશમાં. ૮
સ્વામી શું કરૂં પીયેર સીધાવીને, શું કરૂં કુટુંબ પરીવાર;
વિના ભરથાર. પ્રાતમ રાખો પાશમાં. ૯
મુને ના ગમે મંદિર માળીયાં, મુને ના ગમે હીરનાં ચીર;
વિના નણદી વીર. પ્રાતમ રાખો પાશમાં. ૧૦
હું તો તમ મુખ જોઇ ભોજન કરૂં, મારા પ્રીય પતી હૈયાના હાર;
જીવન આધાર. પ્રીતમ રાખો પાશમાં. ૧૧
મેં તો અરપ્યુ છે તન મન આપને, મારે તમ વીના સુનો સંસાર;
સગાં પરિવાર. પ્રીતમ રાખો પાશમાં. ૧૨
જળ મીનને ચંદ્ર ચકોરને, વળી દિપક સાથે પતંગ;
જેવો પ્રીતી રંગ. પ્રીતમ રાખો પાશમાં. ૧૩

સ્વામી મુજને મુકીને ચાલશો, મારા પ્રાણુનો ત્યાગ કરીશ;
ફરી ન મળાશ. પ્રીતમ રાખો પ.શમાં. ૧૮
બોલી એટલું ને બેસુધ બની, સ્વાસો સ્વાસ રહિત થઇ કાય;
મુખે ના બોલાય. પ્રીતમ રાખો પાશમાં. ૧૧
એવું જોઇને કરૂણા ઉપની, રીઝયા રામ રસિક રઘુનાથ;
સીતા લીધાં સાથ. પ્રીતમે રાખ્યાં પાશમા. ૧૬

સ્વામીનાથ હું આપની અર્ધાંગના, જ્યાં આપનું શરીર ત્યાં જ રહેવા સરજી છું મારે જપ તપ તીર્થ દાન એ સર્વ આપછો, આપના દર્શનથી હું અડસઠ તીર્થ સમજુ છું, સ્ત્રીનો પરમધર્મ પતીવ્રત અને સ્વામીની સેવા એજ છે, મારા આવવાથી હું આપને બોજા રૂપ નહીં થઇ પડું. આપના વિયોગનો તાપ સહેવો, તે કરતાં વગડાનો તાપ સહેવો એ હું ઘણો ઉત્કૃષ્ટ માનું છું. સુર્યના કિરણો મને એ તાપથી વધારે નહીંજ નડે, આપના વિજોગે મારે આંસુનો વરસાદ વરસાવવો તે કરતાં મારા શરીર ઉપર કુદરતી વરસાદ ખમવો એ વધારે સારો સમજું છું. આપની સેવામાં તત્પર રહેવાથી મારૂં મુખ જેવું સોભશે. તે કરતાં સોના રૂપાના અલંકાર પહેરવાથી વત્રશે નહીં. આપનાથી જુદાં રહેતાં મારા પતીવ્રતપણાને ખામી લાગે. આપના વિયોગની એક ક્ષણ મને હજાર વર્ષથી વધુ થશે. હું આપની અર્ધાંગના તેથી મારો પણ આપના સુખ દુખમાં અરધો હીસ્સો છે. સ્વામીની સેવા અને સમાગમનું સુખ શીયળવંતીને સ્વર્ગથી હજાર ગણું છે. પતિની સેવાથી વિમુખ નારી કુંભીપાકની અધિકારી છે. આપ મને સાસુ સસરાની સેવા સોંપોછો તો તે આપની સમક્ષ રહીને કરવા કબુલ છું પરંતુ આપના વિયો

ગે મારાથી તે બનવું અશક્ય છે. મારા પીતાને ત્યાં જવાનું કહો છો પણ આગળના વિદ્વાનોએ કહ્યું છે કે પરણેલી સ્ત્રી પીતાને ઘેર રહે તો તે વિધવા જેવી જાણવી માટે મને મૂકી વનમાં જશો તો હું આત્મઘાત કરીશ. એટલું બોલતાં સીતાને ડુમો ચઢયો.

એવાં પ્યારનાં વચન શુણીને રામ પ્રસન્ન થયા. ને સીતાને કહેવા લાગ્યા જે, ગુરૂની આજ્ઞા લીધા સિવાય મારાથી સાથે તેડી જવાય નહીં. કારણકે લોકાપવાદ બેશે. માટે મારી પ્રાણવલ્લભા, હે પ્યારી ગુરૂને પૂછી જુઓ જો પોતે આજ્ઞા આપતા હોય તો મારી સાથે ચાલો.

સીતાએ વશિષ્ટ ગુરૂને માણુસ તેડવા મોકલ્યું. તેઓ આવતાં દેખી શીર સાષ્ટાંગ દંડવત કરી સુવર્ણના રત્ન જડીત બાજઠ પર બેસાડીને પુંજા કરી. ને દ્વીહસ્ત જોડી સનમુખ ઉભી રહીને વદવા લાગીકે, હે ગુરૂજી મારા સ્વામી વનવાશ જવા તૈયાર થયા છે. ને તેમની શેવા કર્યા વિના મારે એક ક્ષણ પણ ચાલે નહીં, માટે મને સ્વામીની સાથે જવાની આજ્ઞા આપો. આવાં સિતાનાં વચન સાંભળીને ગુરૂજી બોલ્યા કે તમારે તમારા સ્વામીની સાથે જવાને કાંઈ બાધ નથી માટે ખુશીથી સાથે તૈયાર થાઓ. આવાં ગુરૂજીનાં વચન સાંભળીને સીતા અત્યંત ખુશી થયાં. ને સ્વામીની સાથે વનવાશ જવાને તૈયાર થયાં.

રામ લક્ષમણ ને સીતા એ ત્રણે માબાપની આજ્ઞા લેઇ રથમાં બેઠાં. ને કૌશલ્યા આદી સૌ રડતાં કકળતાં વળાવવા ગયાં. રથ ગામની પાદર સુધી આવ્યો. ત્યારે ઉભો રાખીને રામ સૌને મળવા લાગ્યા. ને સીતા પણ પોતાની સાસુ વગેરેને રથ માંથી હેઠાં

ઉતરી પગે નમ્યાં, ને સાૈને કેહેવા લાગ્યાં જે હવે તમે સર્વે પાછાં વળો ને અમારી જરા પણ ફીકર કરશો નહી એમ કહીને સૌને શાંન્ત કીધાં, ને પાછાં વળ્યાં ને રથ હાંકવા માંડયો. આગળ જતાં જતાં ગંગોત્રી આવી પહોચ્યાં ત્યાં રાત વાસો કર્યો પ્રાતઃકાળ થતાં ત્રણે જણ ઉઠીને સ્નાન કરી વનવાસનાં લીધેલાં વસ્ત્ર ધારણ કરી આગળ જવા તૈયાર થયાં ને રથને પાછો વાળ્યો. ને ગંગા નદી ઉતરીને પગ રસ્તે ચાલવા માંડયું.

---

**રઘુપતી રામ રૂદેમાં રેહેજયોરે. (એ રાગ)**

રામ સીતાને લક્ષમણ વીરરે, ઘણું દુઃખ સહે છે શરીરરે;
મોટા સુરની નવ રહે ધીર, માહા દુખ પામતાં વનમાંયરે. ૧
ઘણી મનમાં વિમાસણ થાયરે, જળ વિના જીવડો જાયરે;
પડે આખ્ખડેને બેહાં થાય, મા દુખ પામતાં વનમાયરે. ૨
બેર ખાખ્ખરને બોર અપારરે, આંબા આવળનો નહી પારરે;
વનમાં સિંહ કરે છે પોકારરે. મા વન. ૩
ઘણું સોરાય કાંટે શરીરરે, નેત્રમાંથી વે છે ઘણું નીરરે;
થાય ઉઝરડા ફાટે ચીર. મા વન. ૪
રામ લક્ષમણ આગળ જાયરે, સર્પ સિંહ તે સામા ધાયરે;
ઘણી ફિકર સિતાજીને થાય. મા વન. ૫
રામ કરે મનમાં વિચારરે, ધન ધન સતીનો અવતારરે;
નવ નીકળતી ઘરની બાર. મા. વન. ૬
તે સ્ત્રી આ વનમાં આવીરે, સેવા સ્વામીની દીલમાં ભાવીરે;
કરે રૂદન આંસુડાં લાવી મા. વન. ૭

વાયે પવન તણા સપાટારે, વાગે ઝાંખરા તણા ઝપાટારે;
વાગી ઠોકરો ને નખ ફાટયો. મા. વન. ૮
માંહે રૂધીર ધારા વહેછેરે, સુખ દુઃખ દેહથી સહેછેરે;
સ્વામી શેવામાં હાજર રહે છે. મા. વન. ૯
ઘણું કોમળ સીતાનું અંગરે, ગોરૂ ગાત્ર ગુલાબશો રંગરે;
માહા દુઃખે થયાં ગતિ ભંગ. મા. વન. ૧૦
જેમ પુષ્પ તાપે કરમાયરે, તેમ આકુળ વ્યાકુળ થાયરે;
મુખે ઇશ્વરના ગુણ ગાય. મા. વન. ૧૧
ઘણું તડકે તપી ગયું તનરે, રોઇ રાતાં થયાં છે લોચનરે;
સીતા થઇ ગયાં શ્યામ રંગ. મા. વન. ૧૨
જે પુસ્પ સૈયામાં પોઢંતાંરે, રૂડી સાલ પામરી ઓઢંતાંરે;
જાય ઝાંખરામાં તે દોડંતાં. મા. વન. ૧૩
મૃત્યુ વન જંગલનું છે નામરે, કોઇ વાલી શકે નહીં હામરે;
ઝેરી સર્પો ફરે ઠામો ઠામ. મા. વન. ૧૪
મોટા સિંહ દીસે છે વિકાળરે, જાણે કરશે પલકમાં અહારરે;
કુદી કુદી મારે છે ફાળ. મા. વન. ૧૫
ભયંકર ઘુવડ ત્યાં બોલેરે, સિદ્ધ તપશી તણાં દીલ ડોલેરે;
ઘણાં હરણા જ્યાં મળ્યાં છે ટોળે. મા. વન. ૧૬
સીતા સતી તે મનમાં વિચારેરે, મેં તે પાપ કર્યાં હશે ક્યારેરે;
આજ ભોગવવાં પડે છે મારે. મા. વન. ૧૭
પડે આખડે રડતી જાયરે, તનમાં તાલાવેલી ઘણી થાયરે;
જાણે જરૂર જીવડો જાય. મા. વન. ૧૮
પૂર્વે શાંએ કર્યાં હશે પાપરે, કોના લીધાં હશે ભુંડા શ્રાપરે;

પ્રભુ ગુનો કરો મારો માફ. મા. વન. ૧૯
દીન સાત થયા વન જ્યારેરે. દીઠું મુખ મનુષ્યનું ત્યારેરે;
સીતા આવ્યાં ભીલડી દ્વારે. મા. વન. ૨૦
ભીલડીએ કર્યો વિચારરે દીઠું અદ્દભુત રૂપ અપારરે;
કાંઇ આપુ લાવીને અહાર. મા. વન. ૨૧
એમ સમજીને ગઇ વનમાંયરે, પાકાં ફળ લાવી ત્રણ ત્યાંયરે;
સીતા બેસાડયાં ઝાલીને બાંય. મા. વન. ૨૨
થઇ "સાતા"ને આવી છે ધીરરે, ચોખું પાકું લાવીને નીરરે;
પાસે બેઠા છે બન્નો વીર. મા. વન. ૨૩
ખાધાં ફળને પીધું છે નીરરે, પછી બોલ્યા શ્રી રણધીરરે;
સીતા પાથરીને સુવો ચીર. મા. વન. ૨૪
એક દિવસ રહ્યાં તે ઠામરે, પછી આવી તે મનમાં હામરે;
હવે ચાલોને બીજે મુકામ. મા. વન. ૨૫
થયો પ્રાતઃકાળ તે ઠારરે, પડયા પંથે એ બંધુ ને નારરે;
પ્રોઢ પર્વત દીઠો વિશાળ. મા. વન. ૨૬
ચીત્રકોટ પર્વતનું છે નામરે, ઘણી આવી છે મનમાં હામરે;
ગયાં ગાલવ રૂષીને ધામ મા. વન. ૨૭
રૂષીએ રેહેવા પ્રકુટી આપીરે, એન જેકોર માગે છે માફી;
દુઃખ કોઇને ના પડશો કદાપી. મા. વન. ૨૮

---

સીતાનું શરીર કોમળ અને સુશીળ તેથી ચલાય નહી. રામ આગળ જઇને ઉભા રહે. વળી સૌ આવી મળે એટલે રસ્તે ચાલતા થાય, સીતા થાકી જાય, ત્યારે સૌ બેસે. ચાલતાં ચાલતાં સી

તા અત્યંત થાકી ગઇ ને મોંઢે ફાકા પડવા લાગ્યા. ને પગ પણ ગળગળી ગયા. આંખમાં આંસુ પણ આવ્યાં પણ પોતે સ્વામીને એકે શબ્દ કહેતી નથી. અને જેમ તેમ મોં ઠીક રાખીને રસ્તે ચાલ્યાજ કરે છે. રામચંદ્રજીએ સીતાની સામુ જોયું તો મોઢાનું નુર ઉતરી ગએલું, ને ચાલવાની શકતી દીઠી નહીં સીતાનું આવું ઉતરી ગએલું મુખાર્વીંદ જોઇ રામના ચક્ષુ ભરાઇ આવ્યાં ને આંશ્રુપાત કરવા લાગ્યા, પણ શું કરે લાચાર. કાંઇ રસ્તો નહોતો એમ કરતાં કરતાં મધ્યાનકાળ થયો ત્યારે મુંકામ કર્યો. સીતા આ ટલી બધી થાકેલી છતાં આશપાશ બળતણ ખોળવા નીકળી ને તે લાવીને પાસે કુવો હતો તેમાંથી પાણી ભરી લાવીને ખુબ ઉનું કરીને રામના પગ ચોળીને નવરાવવા લાગી પછી રસોઇની સામ ગ્રી તૈયાર કરીને સૌને જમાડયા પછી પોતે જમી. પછીથી સ્વા મીની પગચંપી કરવા લાગી.

તે કરતાં કરતાં પોતે નીદ્રાવશ થઇ ને ઠંડો પોહોર થયા પછી ત્રણે જણ તે જગ્યાએથી ચાલતાં થયાં આમ તેમ જંગલ- માં ભટકે છે. રસ્તામાં અથડાતાં કુટાતાં જાય છે, તેમને દેખી ભી- લડીઓ સીતાની પાસે આવીને ખબર પુછી તે ઉપરથી તેમના મનમાં દયા ઉત્પન્ન થવાથી ફળ ફળાદી વિગેરે કાંઇ લાવી આપે તો તેઓ સર્વે મળીને આરોગે. સીતા તેમનો ઉપકાર માનીને પા સે બેસાડે. સુખ દુઃખની વાતો કરે. આવી કાળી કદરૂપી ને ગંદી ભીલડીઓ સાથે સીતા વાત ચીત કરે. શું કરે લાચાર. એવા જંગલમાં તેમના સિવાય કોઇ નહોતું એમ દર મજલ કરતાં ચીત્ર કોટ પર્વત ઉપર આવી પહોંચ્યાં. તે જગ્યા સુંદર જોઇ રામે ત્યાંજ

મુકામ કર્યો અવધપુરીમાં રામના વનવાશ જવાથી ગામના લોકો માં હાહાકાર થઇ રહયો છે ને હડતાળો પાડી છે. અને આખુ નગ્ર અત્યંત શોકાતુર થઇ ગયું હોય એમ માલુમ પડવા લાગ્યું.

દશરથ રાજા પુત્રના વિયોગના દુખથી શોકમાં ને શોકમાં મરણ પામ્યા, ત્યારે ગાદીએ બેસાડવા માટે સૌ ચીત્રકોટ પર્વત ઉપર રામચંદ્રજીને તેડવા આવ્યા, તેમાં જનકરાજા પણ હતા. જનક રાજાને દેખી સીતાની આંખમાં પાણી ભરાઇ આવ્યાં. ને તરતજ બાપની કોટે બાઝી પડી, ને મોટે સાદે રડવા માંડયું.

જનકરાજા પોતાની પુત્રી પ્રત્યે કેવા લાગ્યા, જે મારી વાહાલી પુત્રી હું કહું તે સાંભળ, કે સુખ દુઃખ આવી પડે, તે આ પણે સેહેવું એજ આપણો ધર્મ છે તારૂં દુખ જોઈ હું ઘણોજ દીલગીર થાઉં છું, પણ તું તારા સ્વામીની શેવામાં તત્પર છે તેથી હું બહુજ ખુશી થયેલ્હું.

પોતાના પ્રેમી પીતાજીનાં વચન સાંભળી સીતાએ આંખનાં આંસુ લુછી નાંખ્યાં ને કેહેવા લાગી જે પીતાજી મને મારા સ્વામી ની શેવામાં હાજર રેહેવાથી અતિ સુખછે. ને મને જે આ રડવું આવ્યું છે. તે દુઃખનું નથી, પણ મારા વ્હાલા પીતાજી તમારા વિયોગનું છે ને એકાએક તમને દેખી મારૂ મન ઉભરાઇ ગયું ને મારૂ સર્વ અંગ પ્રદીપ્ત થઈ ગયું તેનું એ પાણીછે ઈત્યાદી કેટલુંક કહી પીતાને તાઢા પાડ્યા. પછી પીતાજી કેહેવા લાગ્યા જે મારી વ્હાલી દીકરી હવે ઘણીજ થઇ ને અવધપુરમાં ચાલો ને રાજા દશરથ મરણ પામ્યા છે માટે ગાદીએ રામને બેસાડવા છે તેથી તમે આટલેથી પાછાં વળો જનક રાજાએ સિતાને અવધપુરમાં લઈ

જવા. ઘણીએ સમજાવી તેમજ રામને રાજ્ય બેસાડવા જનક વ સીષ્ટ અને ભરતે ઘણુ કહ્યા છતાં તેમણે તે વાત સ્વીકારી નહીં ભરતનો ભ્રાતૃભાવ ઘણો જોઇ રામને ઘણું લાગ્યું, પણ શું કરે પીતાનું વચન પાળવુંજ એવી સત્યવાદી રામની ટેક હતી. પછી રામે સર્વેને વિદાય કર્યાં અને પોતે પણ ત્યાંથી મુકામ ઉપાડી દંડ કવનમાં જવાનો નિશ્ચય કર્યો.

આગળ ચાલતાં અત્રી રૂષીને આશ્રમ આવ્યા. રૂષીને ત્રણે જણે સાષ્ટાંગ નમસ્કાર કર્યા. રામને જોઈ રૂષી ઘણો આનંદ પામ્યા ને સારૂ સનમાન દઇ બેસાડયા. ને વનમાં નિકળવાનુ કારણ પુછતાં રામે સર્વે વૃતાંત કહ્યું. રૂષીપત્ની અનસુયા સીતાને આટલી લઘુવયમાં સ્વામીની સેવાને અર્થે વનમાં નીકળેલી જોઇ આશ્ચર્ય થયાં ને પોતાની પાસે બેસારી શાબાશી આપી કહ્યું કે, ધન્ય છે તારાં માત પીતાને, કે તેં લઘુવયમાં સ્વામીના સંકટમાં સેવા બજાવી! તારાં પતીવૃત પણાને ધન્ય છે. શાસ્ત્રમાં કહ્યું છે કે સ્વામી ગમે તેવો કાણો, લુલો, રોગીષ્ટ, અભણ કે નીધન હોય તોપણ તેની સેવા પ્રેમ પુર્વક બજાવવી અને જીવ જતાં પણ પતીપ્રત્યે અપ્રીતી દેખાડવી નહીં તેનું મન કોઈ વાતે દુભવવું નહીં ગમે એટલા સેવક કે દાસ દાસી હોય પણ સ્વામી સેવાતો જાતેજ કરવી તેમને તુંકારાનો શબ્દ કહી કંઇ પણ હઠીલાઇ કરવી નહીં કોઇનો વાદ કરવો નહીં, જે સ્ત્રી પતીની સેવા વીમુખ તે દુષ્ટને વ્યભીચારણી શમજવી તેની સોબત કરવી નહી, સ્વામી ઉપર સ્નેહ રાખી હસ્તે મુખે વાત કરવી. મોઢું ચઢાવો સ્વામીના જીવને સંતાપનાર સ્ત્રી શંખણી જાણવી. ક્રોધ અદેખાઇ લોભનો ત્યાગ કરવો. એ પ્રતીવૃતા સ્ત્રીના લ

ક્ષણુ છે. સ્વામીની સેવા વગર વ્રત અપવાસ કે ઈશ્વરની પુજા કાંઇ ફળ આપતી નથી. એવાં કેટલાંક બોધનાં વચનો કહી કંકુનો ચાંદલો કરી આશીરવાદ દીધો. તથા સારાં મજબૂતને ઉંચી જાતનાં વસ્ત્ર આપ્યાં.

અત્રી રૂષીને ત્યાંથી બીજે દીવસે આજ્ઞા લઈ આગળ ચાલ્યા. થોડે દિવસે ગોદાવરી તટે આવી પહોંચ્યા. ત્યાં પંચવટી નામની સુંદર ટેકરીપર મુકામ કર્યો લક્ષ્મણજી ફળફળાદિ જંગલમાંથી લાવી રામને સીતાની સમક્ષ મુકે. સીતા તેમને જમાડીને જમે.

ત્યાં સીતાએ પોતાની પર્ણકુટીની આસપાશ સુંદર બાગ બનાવ્યો. ને તેમાં મોગરો, ચમેલી, જાય જુઇ કેતકી, કેવડો, ડમરો, ગુલાબ ઇત્યાદી પુષ્પોના છોડ રોપ્યા, સીતા નવરાશનો વખત બાગને સફાઇદાર બનાવવામાં ગાળતી વખતે દિલ ઉદાશ થાય તો બાગમાં આવીને બેસે અને ત્યાં પુષ્પ વિણી સારા સારા ફુલના ગોટા કલગી હાર સ્વામીની સારૂ બનાવે.

સીતાની વાડીમાં નાનાં જનાવરો હરણ વીગેરે ચરવા આવે તે જોઇ સીતાનું મન પ્રફુલીત થાય.

લંકાનો રાવણ રાજા પોતાની બેન સુર્પનખાના ભમાવ્યાથી સીતાપર મોહીત થયો ને તેને હરી લાવવાનું "પણ" કરીને નીકળ્યો, અને પોતાના મરીચી નામના મામાને પણ સાથે લીધો મરીચીએ આ કામમાં રાવણને વાર્યો, પણ રાવણે માન્યું નહી. મરીચી મૃગને સ્વરૂપે સીતાની વાડીમાં આવ્યો ને રાવણ દુર ઝાડીમાં સંતાયા.

આ મૃગ ઘણોજ સુંદર હતો ને તેની કૃત્રીમ ચામડીપર સોનેરી રંગના બુટા હતા આ વખતે રામને સીતા પર્ણકુટીમાં બેઠાં

હતાં લક્ષ્મણજી પાસેના જંગલમાં ફરતા હતા તે વખતે સીતાજીની નજર આ સુંદર મૃગના તરફ ગઇ. ત્યારે નીચે પ્રમાણે સિતાએ રામ પ્રત્યે વિનતી કરી.

પંચવટીમાં સરોવર પાસે, રમતાં સીતા શ્રી રામરે.
કનક તણો કુરંગ રાવણનો, આવ્યો તેણે ઠામ.
હો રમતાં રઢ લાગી રાણીને. ૧
સોનાના સીંગને ત્વચા કનકની, નાભી કસ્તુરી એહકેરે;
ઉમનો ચરતાં દીઠો જાનકીએ, નાચે નૌતમ લેહકે.
હો રમતાં રઢ લાગી રાણીને. ૨
સીતા—તે દેખી સીતાને રઢ લાગી, રામ એ મૃગ મારી લાવોરે;
આપણે જ્યારે અયોધ્યા જૈશું, કાંચળડી શીવડાવો;
હો રમતાં રઢ લાગી રાણીને. ૩
રામ—સરોવર તીરે મૃગલો દીઠો, દીસંતો ઘણો રૂડોરે;
ઘેલી સીતા ઘેલુ શું બોલો, મૃગ હૈયાનો કુડો;
હો રમતાં રઢ લાગી રાણીને. ૪
બ્રહ્માએ જ્યારે સૃષ્ટી રચી, ત્યારે સોનાનો નથી ઉપજાવ્યોરે;
નથી દીઠો નથી શ્રવણે સાંભળ્યો, કોઇક કારજો આવ્યો. હો૦ ૫
સીતા—પ્રતક્ષ પારખુ મારા પીયુજી, સાચો હશેતો સહાશેરે;
કુડ કપટથી આવ્યો હશે તો, હમણાં ફીટી જશે. હો રમતાં. ૬
રામ—સાચો હોય તેને કેમ હણિયે, ક્યાં ગયું તમારૂં જ્ઞાનરે;
પોતાના સ્વાર્થને માટે, લેવરાવો પશુના પ્રાણ. હો રમતાં૦ ૭
સીતા—સીતા કહે સાંભળો રઘુનંદન, વિદ્યા તમારી કાચીરે;
ઉજાતો મારી લાવો મૃગલો, તો જાણું વિદ્યા સાચી. હો રમતાં. ૮
રામ—બીજાં વિદ્યાનાં ઠામ ઘણાં છે, શાખા પત્ર ફુલરે;

પોતાનો સ્વાર્થ સસ્તો હોય તો, પાપ ન કરીએ મૂળ. હો રમતાં. ૯
**સીતા**—સીતા કહે એક મૃગને હણતાં, શાનું બેસે કર્મરે;
માહારાજાને મૃગીઆ રમવું, ખરો ક્ષત્રીનો ધર્મ હો રમતાં. ૧૦
**રામ**—મૃગીઆ માટે અમો નથી આવ્યા, અમને શાની આશરે;
જ્યાં જેવે આશ્રમે રે'વું, ત્યાં તેવો અભ્યાસ. હો રમતાં. ૧૧
**સીતા**—સાધુપણાં જ્યારે એવાં આદર્યા, ધનુષબાણ સાને ઝાલોરે;
સાધુ થઇને રહો એકાંતે, ધર્મ પોતાનો પાળો. હો રમતાં. ૧૨
**રામ**—રામ કહે એ રાજપુત્રને, લખિઆં છે એધાંણરે;
કદાપી કોઇ બળિયો દુખ દેતો, તેના લેવા પ્રાણ. હો રમતાં. ૧૩
**સીતા**—સૂર્પનખા ભગની રાવણની, તેનો શો હતો વાંકરે;
વણુ અપરાધે તે અબળાનાં, છેદ્યાં કાનને નાક. હો રમતાં. ૧૪
**રામ**—સૂર્પનખા કહે મૂજને પરણો, તે મારે મન નવ ભાવેરે
એક થકી અમે વાજ આવ્યા તો, બીજીને કોણ લાવે હો રમતાં ૧૫
**સીતા**—સંસારમાં જ્યારે રેહેવું કંથજી, કાયર થએ કેમ ચાલેરે;
સંસારનો લા'વો મારા કંથજી, નારી માગે તે આલે. હો રમતાં. ૧૬
**રામ**—ઘેર બેઠાં માગો તે આલું, કાયર ન થાઉ ક્યમરે.
વનમાં આવીને લેવાં રૂષણાં, એ નહી સતીનો ધર્મ. હો રમતાં ૧૭
**સીતા**—એવો કમખો મેં નથી પેર્યો, કોટિ ઉપાએ કંથરે;
જાત ભલીને ભાત અનોપમ, ઉજ્વળ અંગ અનંત હો રમતાં. ૧૮
**રામ**—એથી રૂડો કમખો શીવડાવું, સોનાના તાર નંખાવુંરે;
વારૂ ફુલ પર વેલ ફરંતી, વચ્ચે મોતી ટંકાવું. હો રમતાં. ૧૯
**સીતા**—નિપજાવી જે વસ્તુ નીપજે, તેમાં શીછે વડાઇરે;
અણુ નીપજીને અમુલ્યક જેની, જગમાં દીશે જુગતાઇ. હો રમ. ૨૦

રામ--એવા સ્વાદ હતા જ્યારે તમને, શિદ આવ્યાં હતાં સાથેરે;
ઘેર બેસી કેમ નવ રહી ઘેલી, ઓઢત પેહેરત ખાંતે. હો રમતાં. ૨૧
સીતા—પતિવૃતા મારે વૃત પાળવું, પિયુ વીના કયમ રે'વાયરે;
એક ઘ ડી જો નવ દેખુ તો, બ્રહ્માંડ વહીને જાય; હો રમતાં. ૨૨
રામ—પતિવૃતા જે હોય પ્રેમદા, પિયુનું માને વચંનરે;
મૂખ ન માગે હૈયામાં દાઝે, ધીરજ રાખે મન. હો રમતાં. ૨૩
સીતા—દેખ્યા પાખે શાનું દાઝે, નજર પડે મોહ લાગ્યોરે;
થોડું કામને આળશ કરવું. હજુ નથિ ગયો આઘો. હો રમતાં. ૨૪
રામ—એ અણુસરજ્યું દુઃખ કોણ ભોગવે, થોડા સુખને માટેરે;
વ્યાજ વધારતાં જાય મૂળગા, ત્યારે રહીએ હાથ ઘસાતે. હો૦
સીતા—વસ્તુ રાખીને દામ આપીએ, ત્યારે જાએ કેમરે;
રળીએતો મળીએ મોહનજી, નિષ્ફળ થાય ન એમ. હો રમતાં. ૨૬
રામ—ઓછુ હોય તે ઉદ્યમ માંડે, આપણુને સર્વે સુખરે;
જળ કાંઠે રહી જે કુવો ખોદે, તે જાણવો મુરખ. હો રમતાં. ૨૭
સીતા—સરિતાનાં જળ હોય બારેને, કુપમાં ઉત્યમકારીરે;
મોહા જોગાએ મૃગત્વચા શૂકી, જો દીઠી કાંઇ સારી. હો રમતાં. ૨૮
રામ—તને તે વસ્તુ વારૂ વિનતા, જેને જે આવે ભોગ્યરે;
ગ્રહસ્થને રાજ રિયાં રૂડીને, જોગીને રૂડો જોગ. હો રમતાં. ૨૯
સીતા—ભલી ભુંડી અમારે ભાગ્યે, તે જેવી સરીર સોહીએરે;
એવી કંચુકી આજે ન મળે, તે માટે મન મોહીએ. હો રમતાં. ૩૦
રામ—એટલો મોહન ધરીએ માનની, મનમાં સંતોષ સાહીએરે;
જ્યારે જેવું મળે તે અનુભવીએ, ઝાઝાને નવ ધાઇએ. હો રમતાં. ૩૧
સીતા—સીતા કહે શા માટે ન કરીએ, સ્વાદ નવો નવો લેવોરે;

જોબનનો લા'વો જગજીવન, દિવસ ચારનોછે મેવો. હો રમતાં. ૩૨
**રામ**—અવસર કાંઇ ઓળખતી નથી, જેવો વેશ તેવું રમવું રે;
આપણે રાજ્યની રિદ્ધી તજીને, આજ આ વનમાં ભમવું. હો૦ ૩૩
**સીતા**—દુઃખના દિવસ કાલે વહિ જાશે, વાહાણે પામશો રાજ્યરે;
સવેળાનું સંઘર્યું હોય તો, અવસરે આવે કાજ. હો રમતાં. ૩૪
**રામ**—રાજ બેશીશું ત્યારે મળશે, જેવી જોઇએ તેવી જાતરે;
ચૌદ વરસ વનમાં ભમવું, તે રાત આડીની શિ વાત. હો રમતાં. ૩૫
**સીતા**—શીતા કહે સા માટે ન માગુ, તમ સરખો પીયુ જ્યારેરે.
લક્ષમણ સરખો દિયેર મારે, લાડ કરૂ પછી ક્યારે. હો રમતાં. ૩૬
**રામ**—રામ કહે તને એ શી લઘુતા, અબળાનો અવતારરે;
વનમાં રહીને જે લોભ કરવો, ન હોય એ ધર્મ લગાર હો રમતાં. ૩૭
**સીતા**—સીતા કહે સાંભળો મારા પીયુજી, ઝાઝુ કહે શું થાયરે;
જે સ્રીને નહીં માન પીયુનું, તે વાયે લીધી જાય. હો રમતાં ૩૮
**રામ**—રામ કહે તું વા'લી ન હોયતો, શીવ ધનુષ્ય શાને ભાગ્યુરે;
ફરશુરામ સાથે જુધ્ધ કરીને, અયોધ્યામાં ગાજ્યુ. હો રમતાં. ૩૯
**સીતા**—મનશા વાચાએ વા'લી હઉતો, કહ્યું કરો મુજ કંથરે;
ધડી અદધડી વિલંબ કરશો તો, પ્રાણનો આણીશ અંત. હો રમતાં.
**રામ**—રામ કહે હૈએ નવ હારો, આટલો દાવ રમી જઇશરે;
તમને જ્યારે તેડી લાવ્યો, જે કેહેસો તે સહીશ. હો રમતાં. ૪૧
**સીતા**—એ સોગઠાં હવે કાલે રમાશે, હું નહી ઢાળું પાસારે;
ધડી અદધડીનો વિલંબ કરશો તો, કાંઇક જોશો તમાસા. હો૦ ૪૨
પાસા પછાડી ધર્ણીધર ઉઠયા, ભાઇને ભળાવી નારીરે.
લક્ષમણ ખાપવું માંડયે રેજે, મૃગને લાવું મારી. હો રમતાં. ૪૩

ધનુષ લેઇ ધાયા ધર્ણીધર, કુરંગ ઉપર લઇ પીસેરે.
જેમ જેમ જઇ ઢુકે જગજીવન, તેમ તેમ વેગળો દીસે. હો ર.૪૪
ચાપ ચડાવી મૃગલો માર્યો, મેલ્યું કસીને બાણુરે;
મરતાં મૃગલે ચીશ નાંખીજે, લક્ષ્મણ જાએ પ્રાણ. હો રમતાં. ૪૫
શબ્દ સીતાએ સાંભળ્યો લક્ષ્મણ, રામ તેડેછે તમારારે;
હરણને હણતાં કષ્ટ પડયું કંઇ, દીયર પધારો મારા. હો. ૪૬
**લક્ષ્મણ**—લક્ષ્મણ કહે એક હરણને હણતાં, કષ્ટ પડે તે સાનુ રે;
રઘુનાથ સર્ખા ચીશ નાંખેતે, વાત તો હું નવ માનુ. હો. ૪૭
**સીતા**—દક્ષિણ દીસે દીએરિયા મારા, ઝાઝા રાક્ષસ દળછેરે;
એકલડા જાણીને જાવો, બેએ બાવીશનું બળછે હો રમતાં. ૪૮
**લક્ષ્મણ**—એક બાણે ચૌદ સહસ્રને મારે, એવા મારા ભ્રાતરે;
ચૌદ સહસ્ર ચડીને આવેતો, નવહારે રઘુનાથ. હો રમતાં. ૪૯
**સીતા**—દિયેરીઆ વેળા વેળાનાં ફળછે, એવડો ગર્વન ધરીએરે.
કયારે હારિએને કયારે જીતીએ, તેમાટે સાંચરીએ. હો રમતાં. ૫૦
**લક્ષ્મણ**—લક્ષ્મણ કહે ભાભી લખ્યું હસેતો, બ્રહ્માએ પાછુ ન થાયરે
તમને વનમાં એકલાં મેલીને, ડગલુ નહી ભરાયે. હો રમતાં. ૫૧
**સીતા**—સીતા કહે તમને સાનું દાઝે, જુજવી માતા માટેરે;
સજન ભ્રાત શત્રુઘ્ન હોયતો હમણાં દોડે ઉચાટે. હો રમતાં. ૫૨
**લક્ષ્મણ**—મુજને રામજી વાલા ન હોયતો, શિદ આવું હું સાથેરે;
ભોળે ભાવે ભકતી કરછું જાણીને જેષ્ટજ ભ્રાતે. હો રમતાં. ૫૩
**સીતા**—ભકિત કરો એ મુજને ન ભાવે, મીઠું બોલો નહીં મીઠુંરે;
તુજ દુરટનો વિશ્વાસ ન કરીયે, આજ પારખુ દીઠું. હો રમતા. ૫૪
**લક્ષ્મણ**—ભલી સીતાજી બુદ્ધી તમારી, મુજને એવો પ્રમાણ્યોરે;

રાત દિવસ મેં શેવા કીધી એકે ગુણ નવ જાણ્યો. હો રમતાં. ૫૫

**સીતા**—સીતા કહે તારા ગુણનું લક્ષણ પડી વેળા પરમાણ્યું રે;

સાદ સાંભળીને સાંસો કીધો ત્યારે હેત જણાયું. હો રમતાં. ૫૬

સીતા કહે તને સાનું દાઝે, વાલા નહીં શ્રીરામ રે;

બંધવ હોય તો રણમાં દોડે કરવાને સંગ્રામ. હો રમતાં. ૫૭

**લક્ષ્મણ**—તમને અહીંઆં કો સારૂ મેલું. સાંસો કરૂં છું તેણે રે;

તમને જો લાંછન લાગે તો; બળતા મરિએ મેણે હો રમતાં. ૫૮

**સીતા**—નવાં બોળાં અમે નથી દિયેરીઆ મન વસિયા માહારાજ રે;

અવર પુરૂષ સાથે બોલુ તો: લાગે કુળને લાજ. હો રમતાં. ૫૯

**લક્ષ્માણ**—કેટલું બળ તમ અબળા કેરૂં, તનક તાલ તે હેલાં રે;

રાંધ્યું ધાન્યને પ્રેમદા સરખી વણસતાં નહીં વેળા હો રમતાં. ૬૦

**સીતા**—સીતા કહે તું શું સમજાવે, સાસુ તણા સુત કાલા રે;

એકલો ઉજડમાં સાને જાએ, પ્રાણ તને તારા વાલા, હો રમતાં. ૬૧

**લક્ષ્મણ**—મુજને પ્રાણ જો વાલા હોય તો શીદને આવું વંન રે;

વન ફળ મેવા વીણી લાવું છું, બેઠાં કરાવો ભોજન, હો રમતાં. ૬૨

**સીતા**—સીતા કહે તુ સુણ દીયરીઆ, મુજને રાખે વારી રે;

તું જાણે કે રામ પડે તો, હું ભોગવું આ નારી હો રમતાં. ૬૩

**લક્ષ્મણ**—ભલી સીતાજી બુધી તમારી, મુજને એવું ન કહીએ રે;

એકે દિવસ હસ્યો હોઉં તો. સરવે સાચું લહીએ હો રમતાં. ૬૪

**સીતા**—કપટી હોય તે કોઇસું હસે નહીં રાખે મનમાં જાણી રે;

જળ કાંઠે બગ ધ્યાન ધરે તે મછને લેવા તાણી. હો રમતાં. ૬૫

વચન બાણ વાગ્યાં લક્ષ્મણને તાપ ઉપન્યો તનમાં રે;

બહુએ પેર પડી લક્ષ્મણને ઝુરણ લાગી મનમાં. હો રમતાં. ૬૬

શીળી મુખ રેખા કીધી લક્ષમણે, દીધી રામની આણુરે;
કુડ કપટે જે કોઇ આવે તેના જાજો પ્રાણ હો રમતાં. ૬૭
એમ કહી લક્ષમણજી ગયા તરૂણીને લાગ્યો તાપરે;
કઠણ વચન કહ્યાં દાયેરને તેનુ લાગ્યું પાપ. હો રમતાં. ૬૮
લાગ જોઇ લંકાપતી આવ્યો પાપીએ ચલાવ્યા ચર્ણરે;
પરદારાને હરવા કારણ માથે લાવ્યો મર્ણ. હો રમતાં, ૬૯
ભગવાં વસ્ત્રને ભેખ સન્યાસી કરમાં કમંડળ ધરીયું રે;
ક્ષુધાર્થીને ભીક્ષા આપો, આવી એમ ઉચરીયું. હો. રમતાં. ૭૦
સિતા--આવો રૂષીજી બેસો રૂષીજી. અમૃત બોલ્યાં વાણીજી;
ઉઠીને ત્યાં આસન આપ્યું ધર્મ ગ્રહસ્થનો જાણી હો રમતાં. ૭૧
રાવણ—કોણ પીતા કોને ઘેર પરણ્યા, કોણ તમારે કંથરે;
ઉજડમાં એકલાં મેલીને, કહાં ગયા બળવંત. હો રમતાં. ૭૨
સીતા—જનક પીતાને દશરથ સસરો કૌશલ્યાજી સાસુરે;
તાત તણાં વચન પાળવાને અમે ત્રણે વન વાસ્યું. હોરમતાં. ૭૩
સોનાનો સીંગનો મૃગ આવ્યોતો કંચુકીની થઇ અભીલાખારે;
મૃગલો મારવા પીયુજી ગયાછે. કરાને શીલી મુખરેખા. હો. ૭૪
કવી—શીલી મુખ રેખા પરમેલી પાવડી પાપી બોલે વચનરે;
એ પર પગ મેલો ભીક્ષા આપો, રહેશે તમારો ધર્મ. હો. ૭૫
પાપીનો પ્રપંચ ન પ્રીછયો. ભામની થઇ હૈયે ભાળારે;
પોતાની વાત જે પરને કેશે, તે રહેશે આંખ્યો ચોળી. હો. ૭૬
સીતાએ સીતા ફળ આપવા, પાવડીએ પગ ધરીઓરે;
ઉપાડી લીધી ત્યાં અબળાને હરણ કરી સાંચરીઓ. હો. ૭૭
ત્યારે તરૂણીને ત્રાસજ પડીયો, ધાજો લક્ષમણ રામરે;

આ પાપી કોઇ હરી જાય છે, કરીને દુસ્ટનું કામ. હો. ૭૮
તે શબ્દ સાંભળી આવ્યો જટાયુ, દશરથનો તે મીત્રરે.
સીતાને મુકાવા કારણ, માંડયું જુધ વીચીત્ર. હો રમતાં. ૭૯
રાવણે એક કપટજ કીધું, પર્વત પાછળ રહિનેરે;
રૂધીરાળા પાષાણ ગીરાવ્યા, ભારે પડીઓ થઇને. હો રમતાં. ૮૦
ત્યાંથી રાવણ લઇને ગયો, લંકાના ગઢમાંયરે;
મૃગ મારીને રામજી વળીઆ, જોજો રાઘવરાય. હો રમતાં. ૮૧
નથીરે સીતા નથીરે સીતા, નથીરે મઢુલી માંયરે;
કાગારોળ ત્યાં થઇ રહયોછે, ચગડોળ વાતે ત્યાંય. હો. ૮૨

ઓચીંતી સીતાને પકડી ખભે બેસાડી રાવણ ચાલતો થયો, સીતા બીચારી સ્ત્રી જાત અને એકલી એટલે શું કરે પોતાના શરીર ઉપર આક્રંદ કર્યા શિવાય બીજું કાંઇ બની શકે એમ નહોતું માથાના કેશ તોડે અને હૈયા ફાટ રૂદન કરે પણ ત્યાં તેની સંભાળ લેનાર કોઇ નહોતું અને રાવણ પવનવેગે ચાલ્યો તે વેળા સીતા બેભાન અવસ્થામાં નીચે પ્રમાણે વિલાપ કરવા લાગી.

### સાખીનો રાગ.

મારા સ્વામી ચતુર સુજાણ હવેશું થાશેરે.
તમે ચડજો મારી વાર, નહીંતો જીવ જાશેરે;
દુષ્ટ મતી દુરભાગીઓ, કપટે આવ્યો આજ;
છેતરી મુજને છળકરી, કર્યું લંપટે હરવાનું કાજ. હવે શું, તમે.
ભીક્ષુક થઇને ભીક્ષા માગી, ક્ષુધાતુર અપાર;
હું અપરાધણને દયા આવી, આવી આપવા ફળનો અહાર. હવે. તમે.
જ્યમ મુષકપર મંઝાર તળપે, મંઝાર ઉપર જેમ શ્વાન;

એમ ઝડપ મારીને ચાલ્યો, હું તો બની ગઈ બેભાન. હવે, તમે.
અઘોર વનમાં લઇને ચાલ્યો, કયમ કરી રાખું ધીર.
રૂદય ફાટતાં રૂદન કરેછે, ઘણું વરસેછે નયણે નીર. હવે, તમે.
સ્વામી ગયાછે મૃગ હણવાને દીયર નથી મુજ ઘેર;
મેણાં મારી મોકલ્યા મને માહી સુઝી એવી પેર. હવે, તમે.
સ્વામી આવશે વનથકી, કોણ આપશે જળપાન.
કુશળ વાર્તા કોણ પુછશે. સુનું મંદીર થયું શમશાન હવે, તમે.
ધ્રુશકે રૂવે આંસુ લુવે કુટે છાતીને સીશ.
શું કરશે કયાં લેઇ જશે, મુખે પાડેછે ચીશે ચીશ. હવે, તમે.
રાજ છોડી વન નીસર્યા, વનમાં પડયો વીયોગ;
કેમ કુટીલછે માહારૂ કોણ કરમ તણો શંજોગ. હવે, તમે.
જીવ્યાથી મરવું ભલુ, પતિ વીણ કયમ રહેવાય.
દુષ્ટની કાયા દેખતાં, એક પળતે વરસ સમી થાય હવે, તમે.
નેત્ર વદન બીહામણાં, શીશોળીઆ સમ વાળ;
દેખી દીલમાં થરથર ધ્રુજું જાણે કરશે મારો અહાર. હવે, તમે.
અદભુત અંગ બીહામણું, વીશ ભુજા દશ શીશ;
દંત દેખીને ડરી મરૂં, મારી શાય કરો જગદીશ. હવે, તમે.
સ્વામી આપ વિયોગથી ના ગઇ પીયરની માંય;
બે ડગલાં આગળ કરમ જુદાં પડયાં વનમાંય. હવે, તમે.
વનથી ઘરેજ આવશો, કોણ ચાંપશે પાય;
ભાવતાં ભોજન કોણ આપશે, કોણ વીંજણે ઢોળશે વાય, હવે, તમે.
પવન વેગથી પરવરે, વાંકે પંથ અસુર;
કોણ કહેશે કંથજી, મારી ભાળ તમોને જરૂર. હવે, તમે.
સ્વામી તમ સેવા વિના, સુકે છે મારૂ તંન;

રાત દીવસ હું ઝુરી મરીશ, તમો દયા લાવોને મંન; હવે, તમો.
સુખ દુઃખ હું ગણુતી નથી, પણ મોટું દુઃખ વિયોગ;
દર્શન તમારાં વીસરી, હવે કરો તમારો સંયોગ, હવે, તમો.
અરચર દાઝે કાળજું, થર થર કંપે કાય;
કાડો દુઃખ દરિઆ થકી, મારો જરૂર જીવડો જાય. હવે, તમો.
નીર સુક્યાં નયન તણાં, હૈડું ફાટી જાય;
કાળ રૂપી કપટી સાથે, જાતાં આકુળ વ્યાકુળ થાય. હવે, તમો.
ફાંશી કે શુળી ભલી, વળી ઝટકે વાઢે શીશ;
દુષ્ટ દેખી મને તીર વાગે, તમો દર્શન દો જગદીશ. હવે, તમો.

---

હે પ્રભુ મેં શો ગુનો કર્યો કે, રાજપાટનું સુખ તજી સ્વામીની શેવા માટે જંગલમાં આવી તોપણ મને જંપી સુખે બેસવા ન દીધી અરે! જીવ મારી વિનાશકાળે વિપરીત બુધ્ધી થઇ. મારા સ્વામીને મેં મૃગીઆ રમવા ક્યાં કાડયા. અરેરે? વળી લક્ષમણજી મારી સંભાળમાં હતા. તેમને પણ મેં કડવાં વચન કહી મોકલ્યા. અરે? મારી ખબર મારા સ્વામીને કોણ કેહેશે. તે મને ક્યાં ક્યાં ખોળશે. મારી વાડીની સંભાળ કોણ રાખશે સ્વામી થાકેલા આ-વશે. તેમનાં ચરણ કોણ તળાંસસે પાણી કોણ પાસે. વળી આ અતિ ઉષ્ણ દીવસમાં વાયુ ચમર કોણ કરશે. સૈયા સજ કરી કોણ આપશે. અરેરે? મને અભાગણીને એવી એ વખતે કોણે દુરમતિ કરી હશે. મારાથી સ્વામીજી વિના એક ક્ષણ પણ રહી શકાવાનું નથી. અરે? આ દુષ્ટ મને કોણ જાણે ક્યાં લેઈ જશે. અને મારી શી વલે થશે. વળી મારૂ શીયળવૃત કેમ જળવાશે. મારા માબાપ

મારાં સાસુ સસરાને ખબર કોણ કેહેશે. અરે? જંગલના વૃક્ષો તમને વાચા થાઓ ને તમે મારી વીટંમણાની ખબર મારા સ્વામીને કહો. તે માટે હે પ્રભુ, પરમકૃપાળુ ઇશ્વર તેમને તમે પ્રેરણા કરો. આ દુષ્ટ મને શા માટે લેઇ જતો હશે, તૈયાર કરીને પાક મારા સ્વામીને કોણ પીરસશે. અરેરે? મારા મોગરા તો કરમાઇ જશે. અને વળી ચંબેલી, જાય, મારા સિવાય એકલાં કેમ રેહેશે. અને તેમને પાણી કોણ પાશે. એમ અત્યંત વિલાપ કરતી બેભાનમાં મૂર્છાગત થઇ રથમાં આડી પડી છે.

સીતાએ આવા દુઃખમાં પાછો વિચાર કર્યો કે હું મારાં કપડાં વિગેરે રસ્તામાં નાંખી દેઉંતો તેની ભાળે ભાળે મને ખોળતા આવે એમ ધારી રસ્તામાં લુગડાં તથા ઘરેણાં વેરતી જાય છે.

આ વિલાપ જટાયુ નામના પક્ષીએ સાંભળ્યો. તેણે એમ જાણ્યું કે મારા રાજાની સ્રીને આ દુષ્ટ લેઇ જાય છે. એમ જાણીને રાવણ સાથે ખુબ લઢવા લાગ્યો, પણ શું કરે. બીચારૂ પક્ષી ક્યાં પોહોચે. એવે પ્રકારે જે સીતાને રસ્તામાં મળે તેમને પોતાની ભાળ કેહતી જાય છે.

રાવણે સીતાને અશોકવાડીમાં મુકીને આશપાશ કેટલીક દાશીઓની ચોકી મુકી. દાશીઓ શીતાનુ મન ચળવવા અને અનેક પ્રકારના ઢોંગ કરતી. પણ સીતા બોલે નહી. એક દીવશ રાવણે સીતાને કહ્યું કે તું મારી પટરાણી થા અને એથી કાંઇ તને દોષ લાગવાનો નથી. કારણ કે રામને રાવણ એક રાશીના છે માટે એમાં કંઇ પણ અંતર ગણીશ નહી. સીતાએ આવાં દુષ્ટનાં વચન સાંભળતાંજ કહયું કે અરે મુરખ ચંડાળ રાજા

ણું અને રામ સરખા ગણેછે પણ તારામાંને રામનામાં અશમાન જમીનનો ફેરછે કારણકે જેમ સીંહને શીઆળ, મેરૂને મુશક, સુધા ને સુરાપાન, દરિદ્રીને દાતાર, કુકડાને કુંજર, કાસોને કકેસા હયને હરણ એ બધાં એક રાશીછે. પણ કાંઇ ગુણ એક નથી જેવી એ એક રાશીઓછે તેવી તારીને રામની રાશી જાણજે અને કાલે સવારે રામ આવશે ને તારા નગરનું ઝગર કરશે, સીતાનાં આવાં કઠણ વચન સાંભળીને રાવણ ફરીથી નહીં બોલતાં નીચું મોહું રાખીને પાછો ગયો.

સીતા એકલી અશોકવાડીમાં રહીને રામનું રટણ કરેછે પણ શું કરે બીચારી. એકલી અબળા જાત, અમુજાય તો ખરી પણ હીંમત ધરીને બેસી રહી બાગનું નામ અશોક વાડી હતુ પણ સીતાને મનતો શોક વાડી હતું રાત્રે વિચારમાં ને વિચારમાં ઉંઘ પણ આવતી નથી કદાપી ઓકું આવેતો તરત ઝબકીને જાગે અને વાયસની માફક સુનકાર જેવી ટગર ટગર જુએ ને રડતી જાય. ને મનમાં વિચાર કરેકે રખેને રામને વનવાશ મોકલ્યા તે રીસતો નહીં ચડી હોય; ને કદાપી તેમ થયું હશે તો નકી મને ખોળવા આવેશે જ નહીં વળી દીયેરજીને મેં ઘણા કઠોર શબ્દો કહયાછે એટલે તે પણ રોશે ભરાયા હશે અરે; નશીબ મનેએ મતી કેમ સુઝાડી કદાપી એ નહીં આવે તો મારે પ્રાણ ત્યાગ કર્યા વિના છુટકો નથી એમ તુરંગમાં ને તુરંગમાં ઉભી થઇ જાય. ને દાશીઓ તેને ઝાલી હેઠી બેસાડે વળી સુતી સુતી વિચાર કરે કે એમાં કોઇનો દોષ કાડવાનો નથી એતો મારા હાથનું કર્યું હૈયે વાગ્યું છે અરો મેં જો ॰ હઠ ન લીધી હોતતો આમ કદી પણ થાતે નહીં માટે

હવે આવું કામ કોઇ પણ દીવશ કરવું નહી, એવી રીતે પસ્તાવા કરેછે. વળી ધારજ રાખી વિચાર કરેછે કે જોઉ હવે શું બને છે; વળી ઓની બુધ્ધી પાની એ. એ કહેવત પ્રમાણે મારે વિમાસણું તો નહી પડે? હશે. કાલે સ્વામી આવશે. મારા સ્વામી કાંઇ એવા નુગરા વથી કે. મારો ગુણ ભુલે, એવા વિચારમાંને વિચારમાં નિદ્રાવશ થઇ, સવાર થયું કે પેલી કદરૂપી રક્ષણીઓને જોઇ સીતાએ રડવા માંડયું અરે! દૈવ આ દુષ્ટ રંડાઓ મને નહી જંપવાં દે. મારૂ પતિવૃત નીશ્ચે ભગાવશે પણ અરે હું મરતાં શુધી એ રંડાઓનું નહી માનું એમ વળી હીમત લાવી બેસેછે એમ સીતા શોકના દરિઆમાં દીવશ ગુજરવા લાગી.

હવે રામ મૃગીઆ કરી આવ્યા તો મઢીમાં સીતા દીઠાં નહીં. આશપાસ કાંઇ નહી જોવાથી આક્રંદ કરવા માંડયું ત્યારે લક્ષમણે ધીરજ આપી શીતાની શોધ લેવા જવાનું કહ્યું એટલે બંને ભાઇઓ શોધવા નીકળ્યા રસ્તામાં ચાલતાં ચાલતાં જટાયું નામના પક્ષીએ ત્થા હનુમાને સર્વ હકીકત કહી ત્યારે રામે હનુમાનને પોતાના હાથની વીંટીની નીશાની આપી અને કહ્યું કે તું મારા પ્રાણ સનેહી છે માટે ગમે ત્યાંથી પણ સીતાની શોધ લાવજે, અને એ મુદ્રીકા (વીંટી) સીતાને નીશાની તરીકે આપજે વળી હું પત્ર લખી આપુ તે લઇને જા.

### રામચંદ્રનો સિતાપર કાગળ.

### ધોળ—મામેરૂ મોબા મુલનું—એ રાગ.

સ્વસ્તી શ્રી સુભ સ્થાન સોહામણું;
જહાં રાજે જનક કુમારી. પ્રીતમ લખે પ્યારીને.

રહો અખંડ એવાતણુ તમ તણાં,
એવી આશીશ વાંચો અમારી; પ્રીતમ લખે પ્યારીને. ૧
ગોરી દૈવના જોગે જુદાં પડયાં,
પણ પ્રાણ મારા તુજપાશ. પ્રીતમ લખે પ્યારીને.
બેસું બાગ બગીચે કે બંગલે;
રહુ તમ વીના અધીક ઉદાશ. પ્રીતમ લખે પ્યારીને. ૨
તારો સ્નેહ ઘડીએ ઘડી સાંભરે,
તારો ભાવ ભુલ્યો કેમ જાય; પ્રીતમ લખે પ્યારીને.
તારા હેતથી હૈડું ભરાયછે,
તેતો લેખણુથી ન લખાય; પ્રીતમ લખે પ્યારીને. ૩
મારે અરથે તમે બાળપણ થકી,
તજ્યાં સગો પીયર પરિવાર; પ્રીતમ લખે પ્યારીને.
મારાં લેશ વચન નથી લોપીઆં,
નથી કોપીઆં કદીએ લગાર; પ્રીતમ લખે પ્યારીને. ૪
તારી નમૃતા અમૃતથી ગળી;
વળી શોભીતો શાન્ત સ્વભાવ. પ્રીતમ લખે પ્યારીને.
જેથી મનની ઉદાશી તુરત મટે,
તારા બોલનો એવો બનાવ; પ્રીતમ લખે પ્યારીને. ૫
ગોરાંદે તારા ગુણ કેમ વીસરે,
કેમ વીસરે વાલપ ભર્યાં વેણ. પ્રીતમ લખે પ્યારીને.
હેતે હસતું વદન તારૂ વીના,
મારાં નીરખવા તલખેછે નેણ. પ્રીતમ લખે પ્યારીને. ૬
દીવસે તુજ વીના દીલમાં ગોઠે નહી,

પીવું પાણીકે જમવું અનાજ; પ્રીતમ લખે પ્યારીને.
રોઈ રોઈને આંખો રાતી થઈ,
લોક પુછે તો આવે છે લાજ. પ્રીતમ લખે પ્યારીને. ૭
ગોરી મનમાં ધીરજ ધરી રાખવી,
કાલે ભાગશે ભવના વીજોગ. પ્રીતમ લખે પ્યારીને.
જેથી રીઝે આપણને જગપતી;
એવો અહોનીશ કરવો ઉદ્યોત પ્રીતમ લખે પ્યારીને. ૮
જેજે પ્યારી તમારી સાહેલીઓ,
તેને કેજો માહારા જુહાર. પ્રીતમ લખે પ્યારીને.
સાસુ સસરાની આશીશે શુંદરી,
મળશું ભામનીને ભરતાર. પ્રીતમ લખે પ્યારીને. ૯
વધે સ્નેહને સંપ સુજન સાથે,
તેવી તન મન રાખજો ટેવ. પ્રીતમ લખે પ્યારીને
સોધ સુણી ઉતાવળા આવશું,
વદે દલપતરામનો દેવ. પ્રીતમ લખે પ્યારીને. ૧૦

---

હનુમાનજીને લખીને પત્ર આપ્યો. તે લઈ હનુમાને પુછ્યું કે સીતાનું સ્વરૂપ કેવું છે એટલી નીશાની દેવા કૃપા કરશો ? રામે કહ્યું. સીતાના જેવું સ્વરૂપ ત્રીલોકમાં નથી. જેના શરીરનો બરાશના જેવો સુવાસ અર્ધ જોજન પર્યંત બહેકે છે. અને ગમે તેવા સંકટમાં હશે. પણ નિરંતર મુખથી મારૂંજ સ્મરણ કર્યા કરતી હશે.

નમસ્કાર કરી હનુમાન ત્યાંથી ચાલ્યા. પર્વત, જંગલ, ગુફા, શહેરો અને દેશે દેશ શોધતા દક્ષીણ દેશની સરહદ પર આવી

સમુદ્ર ઓળંગી લંકામાં આવી રાવણની અશોકવાડીમાં મહા મુ-
શીબતે આવ્યા.

**મારી ઓખા બાઇ સલુણા, તમે વ્રત કરોને અલુણા. એરાગ.**

આવ્યા વાડીમાં હનુમંત વિર, ઘણું ધરી રૂદેમાં ધીર;
આસોપાલવ કેરેરે ઝાડ, ઉપર ચડી કકડાવે ડાળ.
તજે સીતાનો આશ્રમ સાર, જોઇ દુઃખને કરીઓ વિચાર.
મારા રામ તણો પ્રાણ સ્નેહ, ઘોર દુઃખ વેઠે છે એહ,
આજુ બાજુ રાક્ષણી બે પાશ, બેશી રાખે સીતાની તપાશ;
મહા કદરૂપી દીશે વિક્રાળ; દુઃખ વેઠે છે જનકની બાળ.
હનુમતે વીચારીરે વાત, હવે યાદી આપુ રઘુનાથ.
રામે મુદ્રીકા આપીતી જેહ, મૂકી ખોળામાં પડતી તેહ.
જોઇ મુદ્રીકા જાનકી માય, આવી પ્રેમ તણી મુર્છાય.
મારા નાથની મુદ્રીકા જેહ, અહીંઆં કોણ લાવ્યું હશે તેહ.
ઘડી પળ વિસારે નહી રામ, તેહ વીંટી આવી આ ઠામ.
જેમ દાઝયાની ઉપર લુણ, એમ સીતા બન્યાં સુનમુન.
જેમ અગ્નીમાં હોમેરે ઘૃત, જવાળા લાગી તે તનમાં તત;
મારા સ્વામીની શી હશે પેર, કોણ રીતે જાવું હવે ઘેર.
જયમ દીવાને પતંગ સાર, એમ મળવા કરેરે વિચાર;
મારા પ્રાણપ્રિય રામ જેહ, કયારે દેખીશ તમારો દેહ.
ઓ તરૂ મુને જવાબ દેને, મારા નાથની ખબર કોને;
એમ કહી ઉંચુ જોયું સાર, દિઠા પવન તણા કુમાર.
જ્યારે મળીછે દ્રષ્ટે દ્રષ્ટ, ભાગ્યું અર્ધ સીતાજીનું કષ્ટ;
વાયુ પુત્રે કર્યો જય પ્રણામ, છે કુશળ શ્રી લક્ષમણ રામ.

શોધ કરવા મોકલીઓ સાર, હવે દુષ્ટ તણા શા ભાર,
જઈ લંકામાં લગાડું લાય, સર્વે દુષ્ટનો કરૂ સંહાર.
તમને લેઈને ઉડું આકાશ, મુકું શ્રી રઘુનાથની પાસ;
પણ આજ્ઞા મુને નથી દીધી, એક શોધ લાવવાની કીધી.
એવું સાંભળી હરખ્યાંરે માત. મુકયો મુસ્તક ઉપર હાથ.
ધન્ય ધન્ય તું રામના દાસ. પ્રીત કરી આવ્યો મુજ પાશ.
મારૂં દુઃખ કહ્યું નવ જાય, એક પળ તો જુગ વહી જાય.
ભાઈ અશોકવાડીમાં સાર, મારા શોક તણો નહી પાર.
નયણે નીરની ધારા વહે છે, કરજોડીને જાનકી કહે છે.
મારા સ્વામીને કેજો વાત, સીતા કરે છે આંસુપાત.
તમે કૃપા કરો રઘુવીર, નથી રહેતી ધારણ ધીર.
તમે જુઓ દાશીની સામું, તમ વિયોગે મા દુખ પામું.
સુણી વચન સ્વામી આવાર, વેગે આવજો અહીં તતકાળ.
મારૂ કાળજુ થાય છે કડકા, ઉઠે વિયોગી તનમાં ભડકા.
પીયુ પાખે પલક નવ જાય, માહા સંકટમાં રેહે છે કાય.
દાશી દુઃખમાં છેરે તમારી, મારે સંભાળ લેજો મારી.
મારી વિનતી રામને કેજયો, હવે સાહેતા સતીને દેજયો.
વારૂ કહીને ઉઠયા હનુમાન, હદે રામચંદ્રજીનું ધ્યાન,
સીતા સ્તુતી શીરપર ધરી, ચાલ્યો વેગે પ્રણામજ કરી.

---

હનુમાન અશોકવાડીમાં આવીને સીતા જોઇ મનમાં ઘણોજ હર્ષ પામ્યો. પછી સીતા નીદ્રાવશ થએલી જાગી ઉઠી, હનુમાનને રામે પોતાના હાથની મુદ્રીકા (વીંટી) નીશાનીને માટે આપેલી તે ઉંચેથી સીતાના ખોળામાં નાંખી સીતાએ તે વીંટી ઓળખતાંજ

છાતી સરસી ચાંપી, એટલામાં તો મોં પર સુરખો આવી ગઈ, ને આસપાસ જોવા માંડ્યું, પણ કોઈ દીઠું નહીં. ત્યારે કહેવા લાગ્યાં કે, અરે! આ વીંટી તો મારા સ્વામીનાથની છે, એને અહીંઆં કોણ લાવ્યું હશે. શું મારા સ્વામી અહીંઆં આવ્યા છે? અરે તમે કેમ નથી બોલતા. મેં તમારો જે અપરાધ કર્યો છે તેની શી ક્ષા મને થઇ ચુકી છે અરે હવે મને શા માટે સતાવો છો. સ્વામીનાથ મારી ભુલ થઇ મેં જખ મારી, હવે કોઇ દિવસ કાંઇ પણ હઠ લઇ આપને તસ્દી આપીશ નહીં. અરે! મારા પ્રાણજીવન પીયુજી તમારી ગરીબ દાશીને દરશન દયો. તમે કયાં સંતાયા છો. હવે ઝાઝી વાર લગાડશો તો હું મારો પ્રાણ ત્યાગ કરીશ, તો તમને સ્રીહત્યા લાગશે. વળી મનમાં વિચાર કરે છે અરે આ વીંટી કોઇ બનાવટ કરી લાવ્યું હશે. હવે મારા દુખની શીમા નથી. એમ કહી પોતાના કંઠમાં કેશ પાશ નાંખી પ્રાણ કાઢવા તૈયાર થાય છે, એટલામાં હનમાનજીએ નીચે ઉતરી સિતાજીને પ્રણામ કર્યા, ને રામની હકીકત કહી, રામનો આપેલો પત્ર આપ્યો. સિતાએ પત્ર વાંચી અશ્રુપાત કરવા માંડયો ને કહેછે કે, મારા સ્વામીના પ્રેમ આગળ મારૂં કલ્પાંત કાંઈ નથી. એમના અત્યંત પ્યારની ઓશીંગળ હું કયારે થઇશ, એમ કહી હનુમાનજીને પત્ર લખી આપ્યો.

## ધોળ.

સ્વસ્તીશ્રી શુભ સ્થાન શોહામણું,
જ્યાં રાજે સદા રઘુનાથ. કાગળ લખે કામની.
લખે લંકા થકી સીતા સુંદરી,

હેતે વંદે જોડી જોડી હાથ, કાગળ લખે કામની.
પત્ર આવ્યો તમારો પ્રીતી ભર્યો;
વા'લા વાંચી થયો વિશરામ. કાગળ લખે કામની.
પણ જીવન તમથી જુદાં પડે,
ઘણા દીવસ થયા ઘનશામ. કાગળ લખે કામની.
માટે મળવાને મન અકળાય છે,
ઘડી એક તે જુગ જેવી જાય. કાગળ લખે કામની.
મારા નેણના નીરથી નાથજી;
સુતાં રજનીમાં સેજ ભીંજાય. કાગળ લખે કામની.
દૈવે પાંખો આપી હોય પંડમાં,
ઉડી આવું દેશાવર દુર. કાગળ લખે કામની.
વાલા નીત્ય નવી વાતો વાંચીએ,
જેથી પામીએ પુરો પ્રમોદ. કાગળ લખે કામની.
ચતુરાઈના ચોકજ ચાળવું;
આવો વીધ્યાના કરીયે વિનોદ. કાગળ લખે કામની.
તાંબાકુંડી રૂડી ઉંડી ઓપતી.
ભરૂં ભાવથી નીરમળ નીર. કાગળ લખે કામની.
બેસો બાજઠે ચડી મારા ચોકમાં,
સ્વામી નવરાવું ચોળી શરીર. કાગળ લખે કામની.
કરૂં સરસ રસોઈ રૂડી રીતથી;
પ્રીતે પીરસોને બેસું હું પાસ. કાગળ લખે કામની.
એવા દીવશ તે કયારે દેખાડશો,
કયારે અંતરની પુરશો આશ. કાગળ લખે કામની.

મારા માથાથી મોઘા પ્રભુ તમે;
મારા આતમાના આધાર. કાગળ લખે કામની.
સ્વામીનાથજી આપ વીના મને:
સુનો લાગેછે સઘળો સંસાર. કાગળ લખે કામની.
આવે પરવના દીન સુખ સરવને;
હું તો સોકે ઉદાશી સદાય. કાગળ લખે કામની.
ગાજે મેઘને દમકે દામની;
આખી જામની જંપ ન થાય. કાગળ લખે કામની.
ભરી વસ્તી ઉજડ જેવી ભાસેછે,
એક તમ વીના ત્રીભુવનરાય. કાગળ લખે કામની.
વાલા હું તમને કેમ વીસરી;
કેમ વીસર્યું દાદાનું વતન. કાગળ લખે કામની.
પત્ર વાંચી વેલારે પધારજો;
સ્વામી શરીરનાં કરજો જતન. કાગળ લખે કામની.
દુખીઆને દેખી દુખ પામતા;
એવી નાથ તમારી છે ટેવ. કાગળ લખે કામની.
આવે અવસરે કેમ કઠણ થયા;
તમે દલપતરામના દેવ. કાગળ લખે કામની.

---

પત્ર તથા નીશાની તરીકે હનુમાનને પોતાના માથાનો મણી આપ્યો. અને કહ્યું, ભાઇ આ અશોક વાડીમાં મારા દુખનો પાર નથી, તો પણ એ દુખથી વીશેષ દુખ રામચંદ્રના વીયોગનું છે. માટે તમે તાકીદે જઇ મારા સ્વામીને સુચના કરો કે, તમારા વી-

યોગથી સીતા અન્ન પાણી ને નીદ્રા તજી તમારૂંજ ધ્યાન ધરેછે. એટલું કહેતાં સીતાની આંખો આંસુથી ભરાઇ.

હનુમાનજી રજા લઈ ત્યાંથી નીકળ્યા. મનમાં વીચાર્યું જે હું આવ્યોછું તે રાવણ પણ શું જાણશે. એમ ધારી રાવણની દેવીનું દેરળ જડમુળથી તોડી પાડી કેટલાક રાક્ષસો માર્યા, પછી રાવણે પોતાના પુત્ર ઇંદ્રજીતને મોકલ્યો, તેની સાથે હનુમાન રાવણની હજુરમાં આવ્યા. રાવણે હનમાનને બાળવા પુંછડે તેલવાળાં ગોદડાં વીંટાળ્યાં, ને સળગાવ્યાં, પણ હનુમાન તો ત્યાંથી કુદી આખા શેહરમાં આગ લગાડી ચાલતા થયા આવાત જ્યારે સીતાજીના જાણવામાં આવી ત્યારે ઘણાં ખુશી થયાં, ને વીચાર્યું કે, મારા સ્વામીના એક અનુચરે આટલું પરાક્રમ કર્યું, તો એવા અઢાર પદમછે તો તેશું રાવણને નહી મારે? બેશક રાવણને મારી મારા દુખનો અંત આણશે.

હનુમાનને ગયાને ઘણા દિવસ વીત્યા પણ હજુ આવ્યો નહી, એમ રામ સર્વ મીત્ર મંડળમાં બેશી વાત કરેછે, એટલામાં હનુમાન અકસ્માત ત્યાં આવી રામચંદ્રજીને સાષ્ટાંગ દંડવત કરી સિતાની ભાળ કહી. ને કહ્યુ કે આપના વીયોગથી સીતાજીના દુખની સીમા નથી. એમ કહી નીશાનીમોં મણી તથા પત્ર આપ્યા રામચંદ્ર જીએ ગદગદ કંઠે તે લઈ છાતી સરસાં દાબી વાંચીને બોલ્યા, અહો સીતાના પ્રેમની, પતીવ્રતની ને પવીત્રતાની જેટલી સ્તુતી કરૂં તેટલી થોડીછે.

સર્વ સૈન્યાને રામના હુકમનીજ વાર હતી. વીજયા દશમીના શુભ મુરતમાં લંકાપર ચડાઈ કરી, સમુદ્ર કાંઠે આવી ચીંતામાં પે

ઠા કે પેલેપાર શી રીતે જવું, રામની આજ્ઞાથી સમુદ્રમાં વાનરે સૈ ન્યાએ પથરની પાળ બાંધી તે પર રહી લંકામાં જઇ સુવેલુ પર્વત ઉપર મુકામ કર્યો.

રામ લક્ષમણ સેન્ય સહીત સીતા ને લેવા આવ્યાછે, એ ખબર રાવણને થતાં રાવણે વીચાર્યું કે, રામની સાથે લડાઇ કર્યા પહેલાં જો સીતા મારે સ્વાધીન થાય તો ઠીક. એમ વીચારી કૃત્રીમ રામના જેવું ધનુષ્ય તથા મુગટ બનાવી સીતા પાસે આવ્યો, ને સીતાની પાસે મુકયાં, ને કહયું. હે વીશ્વ મોહની સીતા તારા સ્વામીને મેં મારી નાંખ્યો. માટે હવે તું મારે સ્વાધીન થઇશ તો કાંઇ બાધ નથી. તું પણ શું જાણીશ જે મેં રાવણને પાલે પડીને આવો વૈભવ ભોગવ્યો. મંદોદરી તો તારી સેવા કરશે, તને હું મારી પટરાણી કરીશ. વધારે કેહેવડાવવામાં શું ફાયદો, લક્ષ્મી ચાંલ્લો કરવા આવે ત્યારે કપાળ ધોવા જાય એવી નાદાની છોડી દઈ રાવણનું રંગભુવન શોભાવ.

આ વચન સાંભળતાંજ સીતાને પગની જવાળ માથે ગઇ. તેની આંખો લાલ થઇ ગઈ તેનું શરીર ક્રોધથી, ધ્રુજવા લાગ્યું. ને બોલી. હે દુષ્ટ જૂઠા રાવણ રામને મારે એવો હું ત્રીલોકમાં કોઇને જોતી નથી. તારા રંગભૂવનના સુખને મારે અગની મૂકવો છે, તારી શાહેબી મારા શા ખપની, તારી મંદોદરીની પાસે મારે સેવા નથી કરાવવી, તારૂં મોત નજીક આવ્યુ છે, તારી મતી બગડી છે, દુષ્ટ પાપી કામાંધ તારૂં ભુડુંજ થવા બેઠું છે, તું તારૂં મોઢું મને નહીં બતાવ. સીતા વધારે બોલે છે એટલામાં રાવણે કહ્યું. તું સાચું ન માને તો જો આ ધનુષ્યને મુગટ. પોતાનાં સ્વા-

મીના જેવાં સાક્ષાત મુગટ ધનુષ્ય જોઇ સીતાને મુરછા આવી. ચાર ઘટીકાએ સીતાને મુરછા વળી સુધીમાં આવતાં હૈયાફાટ રૂદન કરવા લાગી. માથુ પછાડે, કેશ તોડે, છાતી કુટે, ને કલ્પાંત કરતી બોલી હે પ્યારા સ્વામીનાથ, મારા વાસ્તે આટલો શ્રમ કરી છેવટે આજ કર્યું, પ્યારા સ્વામી હવે મારો ને તમારો મેળાપ ક્યાં થશે. હવે તમારૂં કોમળ મુખ હું ક્યાં દેખીશ. મારી ખોળ કરવા હનમાનને મોકલ્યો. સમુદ્રમાં પાળ બાંધી સુવેલુ આવ્યા. પ્યારા સ્વામી, આપની વીયોગી દાસી આપના વગર શી રીતે જીવશે. સ્વામીનાથ હું વગર વીલંબે આપને મળીશ.

હે રાવણ તું મારા પીતા જેવો છે. મારા સ્વામીને મારૂં છેટું પડે છે, માટે તું મને કાષ્ટ આણી આપ, જેથી હું સતી થઈ મારા પતીને મળું.

રાવણે વીચાર્યું કે આ સતી દેહ ત્યાગ કરશે પણ મારે વશ નહીં થાય. એમ ધારી ત્યાંથી નાઠો.ને પોતાના રંગભુવનમાં મંદોદરી પાસે આવ્યો.

સીતા જ્યાં કલ્પાંત કરે છે તે સ્થળે રાવણનો ભાઇ વીભીક્ષણ જે રામના પક્ષમાં હતો. તેની સ્ત્રી સરમા ત્યાં આવી. સીતાજીને નમન કરી કહ્યું હે દેવી, તમે કલ્પાંત શું કરવા કરો છો. એતો કૃત્રીમ (બનાવટ) છે માટે ધીરજ રાખો. રામ લક્ષમણ ખુશીમાં છે, કેમકે મેં હમણાંજ ખબર મગાવી છે. એટલું સાંભળતાં સીતાના હરખની સોમા રહી નહી. ને બોલી. બેન આ વખતે તેં મને મહા સંકટમાંથી બચાવી છે, માટે મારી આશીશથી તું લંકાની મહારાણી થજે.

મંદોદરીની પાસે રાવણ બેઠો હતો તેવારે મંદોદરીએ કહ્યું કે, સ્વામીનાથ તમે સીતાને લાવી કુળનો નાશ કરાવા બેઠાછો. પરસ્ત્રી નો અભીલાશ કરવામાં કલ્યાણ નથી.

રાવણે એ વચન કાનપર ના ધરતાં મંદોદરીને કહ્યું. પ્યારી સતી આ વખતે તું મારૂં એક કામ કરીશ તો તેં મને પ્રાણદાન આપ્યા બરાબર હું સમજીશ.

મંદોદરીએ હાથ જોડી કહ્યું, સ્વામીનાથ સતીનો પરમ ધર્મ એજ છે કે ગમે તે થાય પણ સ્વામીનું વચન ઉલંઘન કરેજ નહીં. માટે જે કહેશો તે કરવા તૈયાર છું. રાવણે કહ્યું. મારા ચાલ્યા પ્રમાણે તો મેં ઘણો પ્રયત્ન કર્યો. પણ સીતાનું મન ડગતું નથી. માટે મારી એજ પ્રાર્થના છે કે, તું ત્યાં જઇ ગમે તે ઉપાયથી સીતા મારે વશ થાય તેમ કર.

આ વચન સાંભળી મંદોદરીને ખોટું તો લાગ્યું, પણ સ્વામીનું વચન પાળ્યા વગર ચાલે નહીં, એવો પોતાનો ધર્મ વિચારી પોતે અશોકવાડીમાં આવી, મંદોદરી સતીને જોઇ સીતા ઉભાં થયાં, ને માન સહીત મળ્યાં.

પછી મંદોદરીએ નમૃતાપૂર્વક સિતાજીને કહયું. કે હે માતા મારા પ્રશ્નનો ખુલાશો કરવા કૃપા કરોતો સારૂ. સીતાએ કહયું, તમારો જે પ્રશ્ન હોય તે સુખે કહો. મનેતેવાતનું દુખ દુભણ નથી.

**રાગ. મારી ઓખા બાઇ સલુણા તમે વ્રત કરોને અલુણા. એ**

કહે મંદોદરી સાંભળો સીતા, મારૂં વચન તે પરમ પુનીતા;
રામ રાવણમાં શો ભેદ, એક આતમા વ્યાપક વેદ.
સરવ ભૂતમાં રામ સમાન, સરવ દ્રષ્ટાને સતાવાન;

એક જળના અનેક તરંગ, એક આકાશ બહુ ઘટ સંગ,
એક સુત્રમાં મણી અપાર, એક સુવરણ બહુ અલંકાર.
એક ઉંકાર માત્રા અનેક, કીરણ વીપુલ ને દીનમણી એક.
એક મૃતીકા કુંભ અપાર, એક વૃક્ષને ફળ બહુ સાર.
એ સકળ ચરાચર ભૂત, રામ વ્યાપક એક અદભૂત.
માટે કરતાં રાવણસું પ્રીત, કહો શું તમારે વીપરીત.
છે સરવ દેહી એક રામ, તો લંકેશ જુદો કોણ ઠામ.
ત્યારે મંદોદરી કહે સીતા, બીજો પ્રશ્ન પુછુંછું પુનીતા.
કહો એક દેહી છે રામ, કે વ્યાપક સરવ અકામ.
પરીછીન્નકે પુરણ એહ, ટાળો માતા મુજ સંદેહ.
ત્યારે જાનકી બોલ્યાં વચન, સુણો મય તનયા પાવન,
છે સરવ વ્યાપક રઘુરાય, પણ અદ્વૈત બુધે જણાય.
જેને સતગુરૂ સાચા મળે, દ્વૈત વાસના તેની ટળે.
જ્યારે વીલય ત્રીપુટી પામી, જ્યાં વેદની વાણી વીરામી.
જ્યાં નહી ધ્યે ધાતા ધ્યાન. નહી જ્ઞે જ્ઞાતાને જ્ઞાન,
ત્યાં એક અખંડ છે રામ, સરવ વ્યાપક પુરણકામ.
ત્યાં રાવણ કોણ અનીતા, ત્યાં કોણ મંદોદરી સીતા
રજ્જુ સર્પનાં ભ્રાંતી તાશ, જેમ શુક્તી રજત પ્રકાશ.
એમ મીથ્યા જગતનો ભાશ, આત્મા માંહે આરોપે તાસ.
માટે તજો એ મીથ્યા ભાસ, એકાંત જુઓ પુરણ પ્રકાસ.
હે મય તનયા ગુણવાન, વીચારો થઈ સાવધાન,
સતી સુણો ધરીને લક્ષ. વળી કહું બીજો એક પક્ષ.
આદીબ્રહ્મ એહ અવીનાશ, તેના જીવ થયા ચીદાભાસ.

જેમ જળમાં સવીતા બીંબ, તેનું નામ ધર્યું પ્રતીબીંબ.
એમ માયામાં ઇશ્વર કેરૂં, પ્રતીબીંબ પડયું અતી નેરૂ.
થયા અંશ ઇશ્વરના જીવ, માયા પક્ષી અજ્ઞાની અતીવ.
નવ જાણે હરીનું રૂપ, પડ્યા મોહ વીષયને કુપ.
કરમે કરી વાધ્યાં કરમ, પછે ભુલ્યા પોતાનો ધર્મ.
તેને જનમ મરણ સંસાર, ભોગવે દુખ વારંવાર.
કંઈ સંચીત પુરવ પુન્ય, મળે સત સંગત પાવંન.
એવું પ્રશ્ન કર્યું જ્યારે રાણી, ત્યારે બોલ્યા વૈદેહી રાણી,
એક અભેદ વ્યાપક રામ, નથી એ વીણ ઠાલો ઠામ.
સુણો સુંદરી કહું તે રીત, નભ વ્યાપક બહુ ઘટ ગીત.
ઘટ ભંગ થતાં આકાશ, નથી ફુટતું કંઈ અવકાશ.
એમ વીશ્વનો થાતાં નાશ, નથી નાશ થતો અવીનાશ.
આ જગત માયાનો પ્રપંચ, છે અસત્ય અશાસ્વત શંચ.
જેમ મૃગજળ કેરૂં પૂર, વિંધ્યા વેલીનાં ફળ અંકુર,
પામે સ્વપ્ન સંપતી જેમ, દરીદ્રના મનોરથ તેમ,
સત્ય આત્મા માંટે એહ, સત્ય સરખું ભાસે તેહ.
આત્મામાં આરોપણ એ આળ, નથી વીશ્વ સાચું ત્રણ કાળ.
સાચુ સુવર્ણ મીથ્યા અલંકાર, મીથ્યા તરંગને સાચુ વાર
રઘુનંદન અભેદ એક, તેમાં આરોપી મીથ્યા અનેક.
તેમાં રાવણ આદે જગત, કયાં છે જો વિચારી અવ્યક્ત.
બ્રહ્માનંદ સ્વરૂપને જોતાં, બ્રહ્મ ભાસે દ્વૈત સુખ ખોતાં.
મીથ્યા રાવણ રામ એ [illegible] ભાવે સમાન કૃત્ય આદ્ય,
સચીદાનંદ પુરૂષ પુરાણી, તેને જાણો મંદોદરી શુણી.

અપ, તેજ, ભૂ, વાયુ આકાશ, જોતાં રૂપ એ મીથ્યા ભાસ.
ત્રીભુવન છે માયાનું ચીત્ર, છે મીથ્યા પણ ભાસ્યું વીચીત્ર.
ત્યાં રાવણ કોણ બીચારો, એમ દર્ઇત બુધ વીચારો.
જેમ સકળ બ્રહ્માંડ અનેક, તેમાં આકાશ વ્યાપક એક.
તેમાં ઘટાકાશ તે શુંય, જ્યાં મહાકાશ સમુહ,
એમ નીરવીકાર જ્યાં રામ, ત્યાં અદ્વૈત ગોષ્ઠી કોણ ઠામ.
હરી સ્મરણ સંત સેવાય, કરે નીશદીન શ્રવણ કથાય;
ત્યારે સમજે સારાસાર, મુમુક્ષુ તે થાયે નીરધાર,
પછી સતગુરૂ શરણે જાય, ત્યારે ભકત વીવેકી થાય.
ભકતી કરતાં હરીને પામે, ત્યારે જનમ મરણ દુખ વામે.
જ્યારે શ્રીહરી કરૂણા આણે, ત્યારે જીવ હરીને જાણે,
બાકી એનું નથી બળ લેશ, જીવ અજ્ઞાની માયા વેશ.
જીવ કામી અને અલપજ્ઞ, પ્રભુ નીસ્કામી સરવજ્ઞ.
જીવ અનેકને પરતંત્ર, એક ઈસ્વર આપ સ્વતંત્ર,
વીકારી જીવ જનમના કરતા, ઇશ્વર ફળદાતાને ભરતા.
જીવને જન્મ મરણ જમદંડ, કાળના કાળ ઇશ અખંડ.
જીવથી ન સરે કંઈ અરથ, ઇશ કરતુ અકરતુ સમર્થ.
માટે જીવને શ્રી ભગવાન, કહો કેમ તે આવે સમાન.
એ બે પક્ષે કરી અભીરામ, નાવે સમાન રાવણ રામ.
એવા જગત માતાનાં વચન, તે મંદોદરીએ ધર્યાં મંન.
થઇ બ્રહ્માનંદમાં મગન, લાગી સ્વરૂપ વીશે લગન.
સ્થીતી થઇ સ્વરૂપમાં જ્યારે, થયું બંધ બોલવું ત્યારે.
સાવધાન થઇને જાગી, પછી સીતાને ચરણે લાગી.
ગદગદ કંઠે થઇ કહે રાણી, હે જગત માત કલ્યાણી.

બ્રહ્માનંદનો લાવો લીધો, મારો સંસય નીવૃત કીધો;
કરી પ્રદક્ષણા પાયે લાગી, પછે સીતાની આગ્રા માગી.

---

મંદોદરીએ આવી રાવણને અશોક વાડીનું વૃતાંત કહી સમ જાવ્યું કે જગત જનુની સીતા તેને પાછી સોંપી રામને ચરણે લાગો તો મરણના મુખથી બચશો કારણ કે રામ પરબ્રહ્મ નારાયણ જગતના કર્તા આદી પુરૂષ છે.

મંદોદરી—ઝુલણા છંદ.

ધીર મહા વીર બે નીર અરણવ તણાં, તીર હળ ઉતર્યાં દેઈ ડંકા.
કહે સતી સુણ પતી દુરમતી માહરા, બોમી બારે ઘણી ભેય બંકા.
સીત સંતાપ મહા પાપની છાપછે, ત્રણ શીર તાહરે વેદ વંકા.
ઇશ અળગા હવે શીશ તારા થકી, લખવશા લક્ષમણે લુંટી લંકા.
રાવણ—વેઠ ઉઠી વનીતા તારી વાતમાં, પ.નીયે ણુધીએ જોરતારૂં
શું કરૂં પ્રીય છે તું ઘણી પ્રેમદા, અન્ય કો હોય તો ઠાર મારૂં.
રીંછડાં, માંકડાં, વાંદરાં, મેગીયાં, જુધ જીત્યા તણું સેન્ય સારૂ.
સુરજને ચંદ્રમા સુર સેવે સકળ, છેક છોરા થકો હુંય હારૂં.
મંદોદરી—બીજ કેરીઝ પણ કહું તને કંથજી, આપ એ વાત મન માન મારે;
પુષ્પ વૈમાનમાં તેજ ત્રીલોકનું, હાંસથી હીંચીએ ખાંત ખારે.
માળીયાં જાળીયાં ગોખ અટારીયાં, દ્રવ્ય જાશે બધું બારે વાટે,
સાઠ સહસ્ર શ્રણગાર શ્રામા તણા, ઉતરે એક હરી સીત માટે.
રાવણ—અવધ ઉજડ કરૂં અહીંથી જો પરવરૂં, એટલી હામ ધરૂં જોર ઝાઝું.

કુંભ કાયર તણી નાર તું અવતરી, મેલ લવરી પરી હું ય લાજું.
પાતાળ ઉપર કરૂં સ્વર્ગ આણું તળે, ખંડ નવ બોમીનો ભાર ભાંજુ
રામ લક્ષમણ લઘુ બાળ બે બળ કશું, દરપશું દેખતાં દીલ દાઝું;
મંદોદરી—વીનાશકાળે તારી બુધ વિપરીત થઇ, સીત સામી
કરી દ્રષ્ટ જોયું,

હુંશ થઈ તુજને વાઘના દૂધની, મોતની ઘુઘરી ધાન ધોયું.
રસ અમૃત તણી ખાણ કરીને પરી, વીખ હળાહળ બીજ બોયું.
કેમ મંદોદરી લાભ શો કાઢીઓ, ચોકડી ચૌદનું રાજ ખોયું.
રાવણ—કરોડ તેત્રીશને હોડ હાંકુ અમો, કેં'નો તીલોકને એક કીજે;
કેતો વશ હું કરં દશ દીગપાળને, સપ્ત સાગર તણી લક્ષ્મી લીજે.
સાત અરણવ તણાં નીર શોસુ અમો, ભૂમી નવખંડનો ભાર પીજે,
ખંડ નવ નૃપ તણાં માન મોડું અમો, રામની ભીતથી સીત દીજે.
મંદો.—સીતને લાવીઓ રોગ ક્ષય લાવીયો, ભાવીયો નહી ભલો
ચીત ચાળો.

કામી અતી અંધ દશ કંધ આપે થયો, પ્રીતશું પરત્તરો પંથપાળો.
સીત દયે તો પછે ભીત શી રીતની, ધંધમાં ધ્યાન એ બુધ બાળો,
કંથ તુજ કારણે જાઉં વીધ વારણે, બારણે કળકળે કાગ કાળો.
રાવણ—માનની લુણ હરામ મારૂં કરી, રામ લક્ષમણ સાર શીદ તાણે,
માંકડાં રીંછડાં વાંદરા વન તણા, તે તણા સેનને શું વખાણે.
હાથ દીઠા નથી એણે દશાનન તણા, ત્યાં લગી મોજ મનસાથ માણે,
ફુંક મારી થકી પાણ ફાટે ઘણા. એહ અભીમાન તે શું જ આણે.
મંદોદરી— છપ્પો.
જોબન મદ જર મદ, અહંપદ ધરે અસેખે;

કામાતુર નર અંધ, તેહ પણ આંખ ન દેખે.
સજન મદને સુર, સુરખજન મમતી મોટા;
આચા જે પ્રતીબોધ, તેહને સરવે ખોટા.
જે આખર આવ્યો અંતનો, તે કહો ટાળ્યો કયમ ટળે;
અંધો ભીંતે અથડાય છે, ત્યાર પછી પાછો વળે.

રાવણ—કુળ રૂડે કન્યાય, ધણી બીજો નહી ધારે,
સીંહ તણી સોબત મળે નહી વારે વારે;
શાધા પુરૂષના બોલ જેહ બોલ્યા તે બોલ્યા.
હાથી કેરા દંત જેહ ખોલ્યા તે ખોલ્યા.
મહિપતી કહે મંદોદરી, રાવણ રાડ લીધી સહી;
નવ આપું નારી જે હરી, હઠીલો હઠ મુકે નહી.
ચડે જો પરવત મેર, કદી પાતાળે પેસે;
જાય સમુંદ્રને શરણ, સુર્ય મંડળ જઇ બેસે.
છેક થાય જન રંક લક્ષ કોઇની લુટે;
આવરદા ઘડી એક વધે નહી કે નવ ખૂટે.
લેલાટ લેખલ મટે નહી, તો નીચ થઇ નમવું કશું;
ગુણવંતી તુજને ગમ નહીં એક હાણ બીજું હશું.

મંદોદરી— ઝુલણા છંદ.

નાર કહે નરપતી, છળી કરે છત્રપતી, કથન કહું કોડથી કંથ કાજા;
અથ ધણો ભીનમાં ચેત તું ચીતમાં મોડશે માન મરજાદ માઝા.
અપશુકન થાયે અતિ, ગૃહની અવળી ગતી. જુલમ શું કરે જોર ઝાઝા
શ્વાન રૂવે ઘણાં શામટા શેરીયે, મેડીએ બોલીઓ રાત રાજા.

રાવણ—આજ એકાંત છે બ્રાંત ભાગ્યું બલી, વાત વનિતા કરી વેણ વાસું

રામ રઘુનાથને આદ્યથી ઓળખું નેહશું દેહ નહીં શીશ નામું.
નેહ નિશ્ચહશું લંક લગી આવશે, સુરથી સૌ સજી સેન સામું.
આજ ઇચ્છું ઘણું કામ હું એટલું વેર ભાવેથી વૈકુંઠ પામું.
મંદોદરી—સ્વામી તમ આગળે સત્ય બોલું અમો, ગાળ દેશો ઘણીબીધવાંશે;
બીભીષણ ભ્રાત મળીયો રઘુનાથને, ખાંતે અમૃત ઘણું એહ ખાશે.
લંક લુંટાવશે એહ આગળ રહી, નાથ અનાથનો ચીત ચાહાશે.
એહ સમા તેહના, વાંકા તમ દેહના, લંકનો અધીપતી એહ થાશે.
રાવણ— છપ્પો.

બુદ્ધીહીણ તું બેશ, લુંણ મારૂંજ લજાવે;
પ્રગટી કાયર કુખ, તોલ મારૂંજ તજાવે.
વેરીનાં કરે વખાણ, વપુને કરેછે વહાલો.
લવરી કરે લખવાર, કંથને જાણી કાલો.
તુજને પુછી લાવ્યો નથી, તુજને જુગતી શી જડે;
તું બેશ માનની માળીયે, કંથ તારો કેનો સડે.

એમ મંદોદરી સતીની સખામણ ઉવેખી રાવણે રામની સાથે યુદ્ધ કરવા તૈયારી કરી, યુદ્ધને વીશે રામ પોતાનું વાનર સેન્ય અને રાવણ રાક્ષસોનું લસ્કર લઇ હાજર થયા; ઘણા દિવસ લડાઇ ચાલતાં છેવટે તમામ પુત્ર ભાઇ સેન્ય વીગેરે મરતાં રાવણ એકલો રહયો, તો પણ હીમત ન છોડતાં લડાઇમાં રામને હાથે મરાયો.

રાવણના મરણની વાત સાંભળી મંદોદરી કલ્પાંત કરતી આવીને સબની પાસે બેશી રૂદન કરવા લાગી કે, હે પ્યારા સ્વામી મેં તમને ઘણા સમજાવ્યા, પણ મારૂં કહયું તમે કાન ઉપર ધર્યુ નહીં, અને જે શરીર ઉપર ચંદનના ને કસ્તુરીના લેપ થતા, તથા

જેની રક્ષાને માટે હજારો યોધ્ધા દરનીશ હાજર રહેતા, ને સવા-મણુ પુષ્પની સૂકોમળ સેજનું સુખ માણતું, તે આજ કઠણ રણ ભુમીમાં રોળાયછે દૈવની ગતિ કેવી વીપરીત છે. હે સ્વામી તમે મને કોને આધારે સોંપી. આપના વીયોગનુ અસહ્ય કષ્ટ હું કેમ સહીશ. પછી રામ પ્રત્યે કહ્યું. તમે મારા સ્વામીને માર્યો તો એક બાણુથી મારો પણ જીવ લઇ મારા સ્વામીનો મેળાપ કરાવો.

મંદોદરીનું રૂદન જોઈ રામે પાસે આવી ધીરજ આપીને કહ્યું. હે માત આ જગત માયાનું ચીતછે, માટે તું જ્ઞાન ચક્ષુથી જોઇશ તો એ બધુ મીથ્યાછે. જોતું શરીરનો શોક કરતી હોય તો તારી પાસેજ પડયુંછે. ને આત્માનો શોક કરે તો તે મીથ્યાછે, કેમકે આત્મા અમરછે માટે બેમાંથી એકેનો શોક કરવો લાયક નથી. ઇત્યાદીક કેટલાંક બોધનાં વચન કહી સતીનો શોક સમાવ્યો. પછી કહ્યુંકે. તું વિભીક્ષણ ને વર. ને લંકાની રાણી થા. એમાં કાંઇ તારા પતીવ્રતને લંછન નહી લાગે, કેમકે તુ રાજની રાણીછે. અને તમો દંપતી ઘણા કાળ પર્યંત અક્ષય સુખ ભોગવશો.

પછી મંદોદરીએ વીભીક્ષણને સ્વીકારી તેની અર્ધાંગના થઇ. રામે લંકામાં વીભીક્ષણની દુવાઇ ફેરવી તેને પટાભીષેક કરાવ્યો. ને જે નીરપરાધીઓને રાવણે કેદ કર્યા હતા તે છોડી મુકાવ્યા.—

સીતાને તેડવા સારૂ રામે વિભીક્ષણ તથા હનમાનને મોકલ્યા. તેઓ અશોક વાડીમાં આવી સતીને પગે લાગ્યા. ને રામચંદ્રજીની જીતના સુભ સમાચાર કહ્યા અને કહ્યુંકે, રામચંદ્ર તથા લક્ષ્મણજી ખુશીમાં છે. અને આપને તેડવા અમને મોકલ્યા છે, માટે સુખાસનમાં બીરાજો.

મંદોદરી તથા સરમાએ સીતાજીને સ્નાન કરાવ્યું, તથા ઉત્તમ વસ્ત્રો પહેરાવી સુખાસનમાં બેસાર્યાં. સીતાના સમાગમમાં રહેલી સરમા તથા ત્રીજટા આદી રાક્ષસીઓ સીતાના વીયોગથી રૂદન કરવા લાગી, ને કહ્યું કે હે સતી હમારી ભુલ ચુક ક્ષમા કરજો હમારાથી આપની કાંઈ પણ સેવા થઈ નથી. સીતાએ કહ્યું, બેનો તમારી આગતા સ્વાગતાથી હું બહુ સુખ પામી છું. તમારા પ્રેમ આગળ હું આ અસહ્ય સંકટ વીસરી ગઈ હતી તમે સદાકાળ સુખી રહેજો, એવી મારી આસીશ છે.

સુખાસનમાં બેશી સીતા રણ ભુમીમાં આવ્યાં. થોડેક છેટેથી સુખાસનથી ઉતરી પગે ચાલતાં રામની સનમુખ આવી સાષ્ટાંગ નમસ્કાર કર્યા. તે વખતે રામે સીતાજીને કહ્યું કે હે સતી તમે મારી પાસે આવશોમાં. તમને રાવણ લઇ ગયો, ને લંકામાં આટલા દિવસ રહ્યાં, તે દુનીઆમાં જાહેર થયું, માટે ત્યાં તમારૂં પતીવ્રત સત્યવાદ રહયું હશે તેની ખાતરી જગતને કેમ થાય, માટે તે ખાતરી થયા સીવાય હું તમને અંગીકાર કરી શકતો નથી.

એવું સાંભળી રૂદન કરતાં સીતાજી બોલ્યાં,—

રાગ વણઝારાનો.

સીતા બોલ્યાં મુખથી વાણુ, સુણો સ્વામીરે;
હું રાંક વદુ છુ વચન, અંતરજામીરે.
દાશી ઉપર દયા કરો, સુણો સ્વામીરે;
તમ કરૂણાથી છું પાવન; અંતરજામીરે.
મારૂં ચીત રહયુ તમ ચર્ણમાં, સુણો સ્વામીરે.
બીજુ અવર નહુ સુને ધ્યાન. અંતરજામીરે.

મુજમાં ખાંપણ હોયનો, સુણો સ્વામીરે;
શીદ સાથે રવડુ રાન; અંતરજામીરે.
થવા કાળ વસ્તુ તે થઇ, સુણો સ્વામીરે;
મારા કર્મે લખ્યો ઉતપાત, અંતરજામીરે.
એમાં ગુનો નથી માહરો, સુણો સ્વામીરે;
નથી સ્વામી મારો અપરાધ; અંતરજામીરે.
રીસ ન ધરશો નાથજી, સુણો સ્વામીરે;
રાખો શરણે હવે અવીનાશ, અંતરજામીરે.
તમ વીણ દીન ગયા દોહલા, સુણો સ્વામીરે;
નીચી અવની ને ઉચો આકાશ; અંતરજામીરે.
જે સ્ત્રી ને સ્વામીએ પરહરી, સુણો સ્વામીરે;
તેનાં પુર્વ જનમનાં પાપ; અંતરજામીરે.
દરશન દઇ પરસન કરી, સુણો સ્વામીરે;
વળી શાને કરો સંતાપ; અંતરજામીરે.
(મેં) ઘણા દીવસ દુખ વેઠીયું, સુણો સ્વામીરે;
પ્રભુ આપ તણે વીજોગ; અંતરજામીરે.
ચરણને શરણ આવી હરી, સુણો સ્વામીરે;
પુર્વ સુકૃતનો સંજોગ; અંતરજામીરે.
(જેમ) ભાગીરથી સીંધુ શરણ ગઇ, સુણો સ્વામીરે;
ત્યારે સાગર કહે નથી ઠામ; અંતરજામીરે.
એમ આવી આપ શર્ણ હું, સુણો સ્વામીરે;
આ દીકરી પુરણ કામ; અંતર જામીરે.
પ્રભુ મારી પતીત પડતી નથી, સુણો સ્વામીરે;

.. સુરજો મમશીર તાજ, અંતર જામીરે.
જેમ સોનું તપાવે અગ્નીમાં, સુણો સ્વામીરે;
તેમ હું તપું અગ્નીમાં આજ, અંતર જામીરે

સીતાની આજ્ઞાથી વાનરોએ કાષ્ટનો મોટો અંબાર કરી, અગની ચેતાવ્યો. સીતાજી રામનું ધ્યાન રૂદેમાં ધરી. ત્રણ પ્રદક્ષણા કરી જ્વાજલ્યમાન અગનીમાં પ્રવેશ કર્યો; ચાર ઘટીકા, ગુપ્ત રહીને પોતે રાવણને ત્યાં છાયારૂપ આવેલાં હતાં, તે પરહરી અસલ રૂપે અદ્દભુત કાંન્તી ધારણ કરી બહાર નીકળી રામને ચરણે નમ્યાં. સીતાનું અદ્દભુત સતીપણું જોઇ, રામે પ્રસન્ન થઇ અંગીકાર કર્યા. એ રીતે રામચંદ્રજી રાવણને મારી વીભીક્ષણને લંકાનું રાજ સોંપી, સીતાજીને લઇ સર્વેને સાથે લઇ થોડે દીવસે અયોધે પધાર્યા, ત્યાં સર્વેને મળી કરી સુખ દુખની વાત કરી, રામચંદ્રજીને રાજ્યાભીષક થયો, સીતાની સ્વામી ભકતી અને ધૈર્યની વાતો સાંભળી સૌ ખુશ થયાં.

રામ ગાદીએ બેઠા, ને સર્વ પ્રજાનો સંપૂર્ણ પ્યાર મેળવ્યોને "રામ રાજ"ની કહેવત ચાલી. એક દિવસ રામચંદ્રના કેટલાક અનુચરો રૈયત સુખી છે કે દુખી તેની તપાશ કરવા, રાત્રે ફરતા હતા, એવામાં એક ધોબીની સ્ત્રી રીસાઇને પીયર નાશી ગયેલા, તેથી તેનો બાપ તેને પાછી પોતાના જમાઇ ને ત્યાં મુકવા આવ્યો, ત્યારે ધોબીએ કહયું કે, હું કંઇ રામ જેવો નથી કે નાશી ગયેલી સ્ત્રીને પાછો ઘરમાં ઘાલુ.

એ વાત રામના અનુચરોએ સાંભળી, સવારે રામચંદ્રજી એ રાતના સમાચાર પૂછતાં, અનુચરોએ પેલી ધોબીની વાત કહેવા થા. રામે વીચાર્યું કે, દુની આ કોઇથી જીતાઇ નથી. પણ મારે લો કાપવાદથી મુકત થવું, એમ ધારી લક્ષ્મણની સાથે સગર્ભા સીતા

ને વન જોવાનું કહી જંગલમાં મોકલાવ્યાં.

અરણ્યમાં ઘણે દુર જઇ સીતાને રથથી હેઠે ઉતારી લક્ષમણે ઘણી દીલગીરી સાથે જણાવ્યું કે, રામચંદ્રજીએ દૂસ્ટ ધોબીના વ અને તમારો ત્યાગ કર્યોછે. એમ કહી સીતાને ત્યાં એકલા મુકી લક્ષમણે ત્યાંથી રથ પાછો ફેરવ્યો.

રામચંદ્રજીએ પોતાનો ત્યાગ કર્યો એ સાંભળી સીતાજી મુરછીત થયાં. થોડીવારે શુદ્ધીમાં આવી ઘણું કલ્પાંત કરવા માંડયું. હે સ્વામી મારો વીના અપરાધે શા માટે ત્યાગ કર્યો તેનું કારણ હું સમજી શકતી નથી. હવે મારી આ જંગલમાં શી વલે થશે, એમ કહી વીલાપ કરવા લાગી

## લલીત છંદ.

અરરહાયરે કષ્ટ કયાં કહું, પતિ વિયોગથી કેમરે રહું;
વન અઘોરમાં પાશ કો નથી, અરર હાયરે શી થશે ગતી.
વન વીશે ધરી કોને આશરે, અરર મનની કો ન પાશરે;
કઇમ કરી હવે કંથને મળુ. વિકટ પંથમાં કયાં જઇ પળું.
બહુ કર્યા હશે પાપ મેં અરે, થઇ સજા ઘણી હાય હાયરે;
પ્રથમ હું હતી હરખની ભરી, પતિવિયોગથી થૈછું બાવરી.
વણ ગુને મને નાથ ખીજીઆ, વળી દીએરજી વન મુકી ગયા;
છું અભાગી હું શું કરો તમે, નશીબમાં લખ્યું કષ્ટ તે દમે.
સ્વામી માહરી વાત સાભળો, સમીપ આવીને સાહેતા કરો.
નહિતો પ્રાણ હું આપીને મરૂં, પતિ વીયોગથી જીવી શું કરૂ
અરર માહરૂં શું હવે થશે, દીન વીયોગના શી રીતે જશે.
વગર વાંકથી કર્મ ફુટીઉ, અરર એ પ્રભુ આશું રે થયું.

નથી કલંકી હું કંચણી જરી, વીણુગુંને મને સ્વામી પરહરી;
કઠનિ કથા કોણને કહું. કરમની ગતી શી રીતે લહું.
અરર કોણને દોશ હું દઊં, કરમ હીણુ હું કયાં જઈ રહું.
અરર લાજ તું રાખને હરી, પતિ મીલાપનો જોગ દે ફરી.

આવી રીતના રદય ભેદક સિતાના વિલાપ તે જંગલમાં કોણ સાંભળે પણ આવી સુકોમળ સતીનો પ્રભુને ફીકર ન હોય. કીડીથી કુંજર પર્યંત સૌની તેને ફીકર છે, માટે ઈશ્વર પ્રેરણાથી મન્મહા વાલ્મીક મુની ત્યાં વનફળ પુષ્પ ઈત્યાદી ખોળવા જંગલમાં નિકળેલા. તેને કાને આ કોમળ મધુર ને દયા પ્રગટ કરે એવા શબ્દ સાંભળી. સતીની પાસે આવી પુછ્યું, કે બાઈ તમે કોણ છો. ને વનમાં એકલાં કેમ રુદન કરોછો? રૂષીનાં અમૃતરૂપ વચન સાંભળી, ઉંચી દ્રષ્ટી કરી. નમન કર્યું તે વખત રૂષીએ ઓળખી ને કહ્યું કોણ બેટા, સીતા, તું મારા જનક મીત્રની પુત્રી, ને રામચંદ્રની સ્ત્રી, અહીં જંગલમાં, અરે આશી વાત; મને તારા દુઃખનું વૃતાંત કહી અર્ધભાગી કર સીતાએ પોતાનો રામચંદ્રજીએ ત્યાગ શા કારણથી કર્યો, તે કહ્યું. રૂષી કહે બેન ફીકર તજ. હોય દુખમાં ધૈર્ય રાખ મારે ઘેર ચાલ ત્યાંહું તારી યથા શકતી સેવા કરીશ તું મારે પુત્રી બરાબરછે; એમ કહી સગર્ભા સીતાને પોતાની પર્ણકુટીમાં લાવ્યા ફળફળાદી લાવી રૂષી પત્નીઓએ આપી સીતાને જમાડ્યાં. એવામાં બીજા કેટલાક રૂષી જે કાળા અક્ષર ને કુટી મારે ને દેખાદેખી તીલક કરતાં શીખેલા એવા ભગવાનના ભજનથી વીમુખ જેમાં થોડાક વાલ્મીકના શિષ્યો પણ હતા તેઓ ત્યાં આવ્યા અને સીતાનું નામ સાંભળી ભડક્યા, ને વાલ્મીક મુનીને કહ્યું કે, સીતાજી તમે આ પાપ શાથે શીદ લાવ્યા. એણે તો રાવણના

કુળ નીકંદન કરાવ્યું:અનેપુર્વે પદમાક્ષ રાજાને મરાવ્યો. આપણે વસ્તી તજી વનમાં વસ્યા. આપણે સંસારી જનની ઉપાધી શા કામની, માટે એને રજા આપવી જોઇએ; વળી કોઇ કરણુ કરવ આવે તો સાચે. આપણોએ બા ણુ કાઢતો જાય; સિતાજી આ શોર સાંભળી, પર્ણ કુટી બહાર આવી સર્વને વંદન કરી બોલી, માહારાજ મને ક્ષમા કરો, હું હત ભાગ્ય, અહીં આપને આશરે આવી રહીછું, તેથી કાંઇ તમને મારાથી ઇજા નહી થવા દઇશ, નહીતો તમો જે કહોતો કરવા તૈયાર છું? ત્યારે એક અડબંગ રૂષી બોલ્યો, જોતું સીતા સતી હોય તો અ- હીંથી ગંગાજી દુરછે, માટે અમને અડચણ પડે અહીં પાસે લાવ, કેમકે વાલ્મીક મહારાજ તમારાં બહું વખાણ કરેછે, કે સીતા તો સતી છે. સુર્ખ રૂષાનો મીથ્યા, લવારો જેઇ વાલ્મીકને રીશ ચઢી ને કહ્યું. જાઓ જાઓ મુર્ખ કાંઇ સમજો છો કે નહી, ખાલી સતીની નીંદા કરો છો, નુકશાન થવાનું હશે તો મને થશે, તમારે જ્યાં જવું હોયતો જાઓ, સિતાને કહ્યું, બેટા એમના કહેવા ઉપર કાંઇ સંતાપ કરીશ નહી, કેમકે એ અજાણુછે, ત્યારે સીતાએ કહ્યું પીતાજી એમણે મને ગંગાજી લાવવાનું કહ્યું. માટે હું ગંગાજી ને અહીં લાવી એમની ખાત્રી કરી આપુ, એમ કહી સીતાજીએ બે હાથ જોડી એક ચીતે ગંગાજીની સ્તુતી કરેછે?

અખીલ જગતને પાવન કરવાવાળી વીસ્નુના ચરણ [illegible] અંગુસ્ટથી જેની ઉત્પતી છે, એવી હે ગંગા તમોને હજારો હજાર નમસ્કાર છે. જેણે બ્રહ્માને દોષ મુક્ત કીધાંછે. દીલીપના પુત્રની મન કામના સીધ કરી અને જેની ધારા અનંગ અરીએ એટલે મહાદેવે ધરીછે. એવી ગંગા માતા તુને નમસ્કાર કરૂંછું. જે

ના દરસન પાપ માત્ર નાશ પામેછે. જેનું ધ્યાન મોટા જોગેસ્વર કરેછે. એવી હે જગતની માતા મારી વહારે ચઢો, અને મારે માથે થી આરોપ ઉતારો.

સીતાજીની સ્તુતી ગંગાજીએ સ્વીકારી એકદમ મહાગર્જના સાથે ગંગાજીનું નીર ઉછળતું રૂષીઓના આશ્રમ તરફ આવવા લાગ્યું નાના બાળક તથા રૂષી પત્નીઓ સીતાજીની પાસે આવી કાલા વાલા કરવા લાગ્યાં. પેલા મુઢ રૂષી તથા બીજા વાલ્મીક આદી પણ સીતાજીને કહેવા લાગ્યા. હે માત ક્ષમા કરો ક્ષમા કરો તમે ખરાં પતિવૃતા સતીછો આ મુર્ખ બ્રાહ્મણના કહેવા ઊપર તમારે ગુસ્સો કરવા લાયક નથી, નહીતો ગંગાજી અમારાં ઝુંપડાં તાણી જશે. સૌને કકળતા જોઇ સીતાજીએ ઊંચો હાથ કર્યો, એટલે આશ્રમથી થોડેક દૂર ગંગાજીનું નીર અટક્યું. પછી બધા રૂષી અને સ્ત્રીઓ છોકરા વીગેરે ખરા અંતઃકરણથી સીતાજીની સેવા કરે.

થોડે દિવસે સીતાજીને લવ તથા કુશ નામના બે પુત્ર સાથે પ્રસવ્યા. પુત્રના લાડ કોડમાં સીતાના દુખના દીવસ સહેલથી નીર્ગમન થવા લાગ્યા. પુત્ર બાર વરસના થતાં મહા પરાક્રમીને મહા બુધ્ધી શાળીને બળવાન નીકળયા. સીતાજીનો ત્યાગ કર્યો, ત્યારથી બાર વરસ સુધી અયોધ્યામાં દુકાળ પડયો. કેટલાક રૂષીઓના કહેવાથી અશ્વમેધ કરવાનું આરંભી અશ્વ છોડયો. અશ્વ રક્ષાને શત્રુઘ્ન નીકળ્યા, ભરતખંડના તમામ રાજાઓને જીત્યા. જંગલમાંથી જતાં તે અશ્વ સીતાના પુત્ર લવ તથા કુશે બાંધ્યો. ને શત્રુઘ્ન સહિત સૌ સૈન્ય હરાવ્યું. એ ખબર સાંભળી અયોધ્યા ભરત લક્ષ્મણને છેવટે રામ સુધાં આવ્યા તે તમામને જીત્યા, પણ પાછળથી ઓળખાણ

પેડતાં સરવે મહા હરખ સહિત સીતા સંગાથે લઇ અયોધ્યામાં આવ્યા. પુત્રોનું અદભુત પરાક્રમ જોઇ રામચંદ્ર ઘણા ખુશી થયા, પછી ઘણાં વરસ ચકવે રાજ કરી સારી કીર્તી પામ્યા.

એવી રીતે એક બાગુ, એક પત્નીવૃત, અને એક વચની રામચંદ્ર જેવા રાજા પૃથ્વીપર કોઇ થયા નથી, ને સીતાના જેવી પતીવૃતા સતી સંકટમાં ધૈર્યવાન સુખમાં ગર્વહીણુ સતી કવચીત જ કોઇ ભાગ્યે થશે.

સમાપ્ત.

## સુચના.

નમ્રતા સાથે વિનંતી કરવાની કે આ પુસ્તકના અગાઉથી અમને લગભગ પાંચસે ગ્રાહકો થએલા અને તે નામો આ પુસ્તકની જોડે છાપવાનાં હતાં પણ જે નામો અમારા હંડબીલમાં ભરીને આવેલાં તે હંડબીલો આગ લાગવાથી તેનો નાશ થવાનાં કારણે સદરહુ નામો છાપ્યાં નથી. તેને માટે ક્ષમા માગું છું અને વિનંતિ કરૂં છું કે જેઓએ મને અગાઉથી આશ્રય આ પુસ્તક પ્રગટ કરી આપ્યો છે અને હવેથી જે આપવા ઇચ્છા રાખતા હોય તેમણે નીચે સહી કરનારના શીરનામે પોષ્ટકાર્ડ પત્ર લખીને પુસ્તકો મંગાવી લેવાં.

જેઠાર હરીભાઈ જોષી.

મસજીદ બંદરની કન્યાશાળાના હેડમિસ્ટ્રેસ.

મુંબાઈ

આ પુસ્તક તથા સંગીત રાગ રાવણ એ બંન્ને પુસ્તકો નીચે લખેલા ઠેકાણેથી રોકડી કીમતે મળશે.

**મુંબાઈમાં**—મારી પાસેથી તેમજ પંડીત જેષ્ટારામ મુકુંદજી પુસ્તકાલયમાંથી તથા પંડીત નારાયણ મુલજી પુસ્તકાલયમાંથી

**ભરૂચમાં**—મેહેતા કાશીરામ જેભાઇ પુસ્તકાલયમાંથી કે. લલ્લુના ઇના ચકલામાં.

**ડાકોરમાં**—ત્રીભોવન રણછોડની પુસ્તકોની દુકાનેથી.

**અમદાવાદમાં**—હરગોવન હરજીવન પુસ્તકાલયમાંથી.

**અંકલેશ્વરમાં**—દામોદર ગીરધર બુકસેલર પાસેથી મળશે.

સામટી રાખવી હોય તો કાશીરામ જેભાઇ **પુસ્તકાલય ભરૂચ** એ શીરનામે પત્ર લખી ખુલાશો મંગાવવો.